**સુવિચાર**
રોજ નવું શીખવાનો સ્વભાવ કેળવીએ તો ભવિષ્ય સદા સર્વદા ઝળહળતું જ રહેશે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૭/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૧૬૩

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
■ કીડની ■ પ્રોસ્ટેટ ■ પથરી
Prostate Cancer
નવજીવન જનરલ હોસ્પિટલ
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૨૭-૦૭-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

### સરકાર ગરીબોનું પેટ ભરવા મફત અનાજ ફાળવે અને કાળાબજારીયાઓ તે વેચીને તેનું ઘર ભરે

# ખાંભા પંથકમાંથી ગરીબોનાં અનાજનો કાળો કારોબાર ઝડપાયો

- મોડી રાત્રિએ મામલતદાર એક બંધ કારખાના નજીક ત્રાટકયા અને માતબર જથ્થો ઝડપી લીધો
- ચોખાના ૧૨૩ કટ્ટા, ઘઉંનાં ૧૨ કટ્ટા સાથે કુલ રૂપિયા અઢી લાખનો જથ્થો ઝડપી લેવાયો
- ડેડાણ ગામે પણ દરોડો પાડીને ત્યાંથી પણ મસમોટો જથ્થો ઝડપી પાડતાં ખળભળાટ
- ગરીબોનાં હકનાં અનાજનાં કાળાબજાર કરનાર ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવી જરૂરી બની



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા.૨૬

ગરીબોના હક્કનું સસ્તા અનાજનું રેશનીંગ કૌભાંડ ખાંભા મામલતદારે પકડી પાડયુંહતું. ગતમોડી રાત્રેખાંભાશહેરમાંથીરેશનીંગનાસસ્તા અનાજનોજથ્થોબારોબારજતોહોવાની પૂર્વ બાતમીના આધારે ખાંભા મામલતદારે રાત્રિના ખાંભાના બ્લોક બનાવવાના બંધ કારખાના નજીક ત્રાટકયા હતા અને રેશનીંગના ઘઉં, ચોખાનો જથ્થો ઝડપી પાડયો હતો. ટ્રક માં ચોખાઅનેઘઉંબારોબાર જતારહે

અનુસંધાન પાના ૬ ઉપર

## સાવરકુંડલાની લુહાર સોસાયટીમાં આવેલ રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની ૧૬ બોટલ ઝડપાઈ

### આરોપી હસુભાઈ દેવગણીયા વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા.૨૬

સાવરકુંડલા ગામે હાથસણીરોડ લુહાર સોસાયટીમાં રહેતા હસુભાઈ ઉર્ફ હસો કાળુભાઈ દેવગણીયાએ વગર પાસ પરમીટે પોતાના રહેણાંક મકાને ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ મીલી કંપની રીંગપેક કાચની બોટલો નંગ–૧૬ કુલ કિંમત રૂપિયા ૫૪૪૦ ના મુદામાલ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

**જાહેર વિજ્ઞપ્તી**

આથી રસ ધરાવતી પાર્ટીઓને આ જાહેરાતથી જાણ કરવાની કે સાવરકુંડલા શહેરમાં જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલ મિલ્કત કે જે શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી.ની ઓફીસ અને મોટા ગોડાઉન સાથે બે માળનું બિલ્ડીગ વેચવાનું છે. આ બિલ્ડીગમાં ઓફીસો, મોટો હોલ અને પાછળ ગ્રાઉન્ડ વાળુ હોઈ, જ્ઞાતિ સમાજની વાડી, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થા, બેંક, ઓફીસો વિ. માટે ખાસ ઉપયોગી બને તેવી મિલ્કત છે. તો રસ ધરાવનાર પાર્ટીઓને રૂબરૂ સંપર્ક સાધવો, તેની જાણ આ જાહેર વિજ્ઞપ્તીથી કરવામાં આવે છે.

લી.
બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની સુચનાથી
રાજેશ એમ.માલાણી
મેનેજર
સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

સરનામુઃ સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.
સહકાર ભવન, જુના બસસ્ટેન્ડ પાસે,સ્ટેશન રોડ
મુ.સાવરકુંડલા, જિ.અમરેલી ફોન નં.(૦૨૮૪૫) ૨૪૨૫૯૩/૨૪૨૯૯૪

### ગૌભક્ત સરકારનાં શાસનમાં ગૌમાતાને યોગ્ય મદદ મળતી નથી

## હે રામ : અમરેલી શહેરની તમામ પાંચ ગૌશાળાને પશુદીઠ માત્ર રૂપિયા ૩૦ ફાળવવામાં આવે છે

### ગૌશાળાનાં ટ્રસ્ટીઓ પશુ દીઠ રૂપિયા ૧૦૦ની ફાળવણી કરવા માંગ કરી

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લા સમસ્ત પાંજરાપોળ તથા ગૌશાળા સંચાલકો તરફથી અમરેલીનાં પાંચ ગૌશાળાનાં ટ્રસ્ટી તથા સંચાલકોએ મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત સરકાર તરફથી રૂા. ૩૦ એક પશુ દીઠ ચુકવવામાં આવે છે તે સંજોગો તથા મોંઘવારીને હિસાબે અપુરતું હોઈ. ગુજરાત તમામ ગૌશાળા પાંજરાપોળ તરફથી રૂા. ૧૦૦ માંગણી કરવામાં આવેલ છે. ત્યારે અમરેલીનાં પાંચ ગૌશાળાના સંચાલકોએ અમરેલીનાં કલેકટરને રૂા. ૧૦૦ સબસીડી કરવા આવેદનઆપેલ. આવેદનઆપવામાં પાંજરાપોળ ગૌશાળા અમરેલીનાં વસંતભાઈ પોકળ, મુકુંદભાઈ ગઢિયા, કામધેનું ગૌશાળ, સંતમુળદાસ ગૌશાળ, હરીકૃષ્ણ ગૌશાળા, સંતશ્રી ભોજલરામ ગૌસેવા ટ્રસ્ટ હાજર રહેલ હતા.

**હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે**
**મેડીકલ ઓફિસર**
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

### સામાન્ય બાબતને લઈને બઘડાટી

## ખાંભાનાં ત્રાકુડા ગામે સામસામી અરજી બાબતે મારામારીની ઘટના બની

### પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી

અમરેલી, તા.૨૬

ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે રહેતી મમતાબેન ઘનશ્યામભાઈ વિંઝુડા નામની ૩૦ વર્ષિય પરિણીતાના સસરા સાથે અગાઉ આરોપીએ બોલાચાલી કરેલ જે અંગે સામસામી અરજીઓ કરેલહોય. જેનું મનદુઃખરાખી ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે રહેતા આરોપી ભીમાભાઈ પીઠાભાઈ પરમાર, રેખાબેન ભીમાભાઈ પરમાર તથા દેવાભાઈ પીઠાભાઈ પરમારે આ

અનુસંધાન પાના ૬ ઉપર

## વાદળો ઘટાટોપ જામે અને વરસાદ આવે નહી, ભાજપ સરકાર વચન આપ્યા કરે કાંઈ થતું નથી

# અમરેલી ઉપર જોવા મળતાં વાદળો ભાજપ સરકારનાં વચનો જેવા છે !

**ભાજપ સરકારનાં છેલ્લા ૨૦ વર્ષમાં જિલ્લાનાં વિકાસ માટે અપાયેલ વચનોમાંથી મોટાભાગનાં પોકળ**

**પાયલોટ ટ્રેનિંગ સેન્ટર, સાંતલી સિંચાઈ યોજના, પ્રવાસન ઉદ્યોગને વેગ સહિતનાં અનેક વચનો જૈસે થે**

**છેલ્લા થોડા દિવસોથી ઘટાટોપ વાદળો છવાઈ અને માત્ર હળવા ઝાંપટા પડયા કરે**

**ભાજપ સરકારનાં વચનો અને ઘટાટોપ વાદળો વચ્ચે બહુ લાંબુ અંતર જોવા મળતું નથી**

અમરેલી, તા. ૨૬

અમરેલી શહેર ઉપર છેલ્લા ૧૫ દિવસથી ઘટાટોપ વાદળો છવાયેલા રહે. અંબાલાલ પટેલ પણ અમરેલીમાં જોરદાર વરસાદ પડશે તેવી આગાહી કરીને થાકયા છતાં વાદળો ટસનાં મસ થતાં ન હોય શહેરીજનો વાદળોને નિહાળીને કહે છે કે વાદળો પણ ભાજપ સરકારનાં વિકાસનાં વચનો જેવા છે. અવનવા ઘટાટોપ વચનો તો સરકાર અને સત્તા પક્ષનાં આગેવાનો આપ્યા કરે પરંતુ મોટાભાગનાં વચનો સાર્થક થતાં નથી.

અમરેલીને સાંતલી સિંચાઈ યોજના, પાયલોટ ટ્રેનિંગ સેન્ટર, એફએમ રેડિયો, જિલ્લામાં પ્રવાસન સ્થળોની કાયા પલટ, ખેડૂતોને પોષણક્ષમ ભાવો, હીરા ઉદ્યોગને રાહત સહિતનાં અગણિત વચનો છેલ્લા ૨૦ વર્ષમાં અપાયા તે પૂર્ણ થયા નથી.

બીજી તરફ શહેરમાં કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ બસ પોર્ટ શરૂ થતું નથી અને બહારની બાજુએ બનેલ દુકાનો ધડાધડ શરૂ થઈ રહી છે. તો શહેરને નિયમિત પાણી પુરૂ પાડવામાં આવતુ નથી, રખડતા પશુઓ, ગંદકી સહિતની સમસ્યાનું પણ નિરાકરણ કરવામાં આવતું નથી.

આમ શહેરીજનોએ ઘટાટોપ વાદળો અને ભાજપ સરકારનાં વચનોની જે સરખામણી કરી તે યોગ્ય હોય તેવું લાગી રહ્યું છે.

---

### એડવોકેટ જે.આર. વાળાની દલીલો સફળ

## અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અકસ્માતનાં ગુન્હાનાં આરોપી નિર્દોષ જાહેર

**બીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટનો ચુકાદો**



અમરેલી, તા. ૨૬

અમરેલી, તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હ રજીસ્ટર નંબર– ૩૦૨૩૬ / ૨૩થી ફરીયાદ દાખલ થયેલ જેમાં આરોપી નિર્મળભાઈ કિશોરભાઈ વાળ ાની અટકાયત કરવામાં આવેલ. ત્યારબાદ પોલીસ દ્વારા તમામ પુરાવાઓ એકત્ર કરી નામદાર કોર્ટમાં ચાર્જસીટ ફાઈલ કરેલ ત્યારબાદ કેસની ટ્રાયલ ચાલુ થયેલ જેમાં ફરીયાદી તથા ઈજા પામનાર તથા પંચો સાહેદો તથા સરકારી સાહેદો તથા FSL અધિકારી તથા કેસનાં તપાસ કરનારને તપાસતા અંતે નામદાર કોર્ટ દ્વારા આરોપીનો નિર્દોષ છુટકારો કરેલ જેમાં ધારાશાસ્ત્રી જે.આર.વાળા.ની દલીલો સફળ રહેલ.

---

## અમરેલી જીલ્લા કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટના ચેરમેન તરીકે જમાલભાઈ સરવૈયાની વરણી

અમરેલી, તા. ૨૬

અમરેલી, જીલ્લા કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટના ચેરમેન તરીકે કોંગ્રેસના સિનિયર અને વફાદાર જમાલભાઈ પીરાભાઈ સરવૈયાની વરણી થતા સમગ્ર જીલ્લામાં વર્ષની લાગણી ફેલાઈ હતી.

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટના ચેરમેન અને રાજય સભાના સાંસદ ઈમરાન પ્રતપગઢીની સૂચનાથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલની ભલામણથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટના ચેરમેન વજીરખાંન પઠાણે અમરેલી જીલ્લા કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટના ચેરમેન તરીકે જમાલભાઈ પીરાભાઈ સરવૈયાની નિયુકિત કરવામાં આવી છે.



---

### એક તરફ સફાઈ કામદારો પ્રતિક ધરણા કરી રહ્યા હતા

## અમરેલી પાલિકા કચેરીની બહાર પાર્ક કરેલ બાઈક ભડભડ સળગી ઉઠતા અફડાતફડી

**ફાયર બ્રિગેડની ટીમે આગ પર મિનિટોમાં કાબુ મેળવ્યો**



અમરેલી, તા. ૨૬

અમરેલી પાલિકા કચેરીની બહાર પાર્ક કરેલ એક બાઈક અચાનક ભડભડ સળગી ઉઠતાં અફડા–તફડી મચી ગઈ હતી અને શહેરીજનોનાં ટોળા એકત્ર થયા. જો કે ફાયર બ્રિગેડે ગણતરીની મિનિટોમાં આગ પર કાબુ મેળવ્યો હતો.

પાલિકા કચેરીમાં સફાઈ કામદારો પ્રતિક ધરણા ઉપર હતા તે સમયે જ બાઈક સળગતા દોડધામ મચી હતી.

---

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## ચાવંડ ગામે મંદિરમાં ચોરી કરનાર ઈસમની અટકાયત થઈ

**આરોપી મયુરભાઈ શંકર વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**



અમરેલી, તા. ૨૬

લાઠી તાલુકાના ચાવંડ ગામે રહેતા જીલુભાઈ બાવભાઈ ડેર નામનાં ૫૧ વર્ષિય ખેડુતના ઘરે ગત તા. ૨૦ ના રોજ બપોરે ૨ વાગ્યે કોઈ અજાણ્યા ઈસમે પ્રવેશ કરી ચાવી મેળવી ખેડૂતના કુળદેવી પીઠડ માતાજીના મંદિરના તાળાઓ ખોલી મંદિરમાં પ્રવેશ કરી મંદિરની અંદર રહેલ દાનપેટી તોડી દાનપેટીમાંથી રોકડ રકમ આશરે ૨૫થી ૩૦હજારની ચોરી કરી નાસી ગયાની ફરિયાદ લાઠી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

જે અનવ્યે પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા નાયબ પોલીસ અધીક્ષક ચીરાગ દેસાઈએ અમરેલી જીલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમોને પકડી તેઓના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ શરીર સબંધી તથા મીલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા માટે સઘન પેટ્રોલીંગ કરવા તેમજ આરોપીઓ શોધી કાઢવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને અમરેલી જીલ્લા પોલીસ દ્વારા લોકભાગીદારીથી અમરેલી જીલ્લામાં લગાવવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા પૈકી લાઠી વિસ્તારના ચાવંડ ગામે આવેલ ઠાકર મંદિરના કેમેરા ચેક કરતા એક શંકાસ્પદ ઈસમ જોવા મળેલ હોય. જેના આધારે મજકુર શંકાસ્પદ ઈસમ અંગે ચાવંડ ચોકડી ખાતે બાદ લાઠી ભવાની સર્કલ તથા લાઠી ટાઉનમાં લગાડેલ અન્ય કેમેરા ચેક કરતા લુવારીયા દરવાજા તરફ ગયેલ હોવાનુ જણાઈ આવેલ હતું. જેથી બાતમીદારોને આરોપીનો મુવમેન્ટનો વિડીયો બતાવી તે અંગે તપાસ કરાવતા શંકાસ્પદ ઈસમનુ નામ મયુરભાઈ ઘનશ્યામભાઈ શંકર (હાલ રહે. સુરત, મુળ રહે. પ્રતાપગઢ, તા. લાઠી) જણાય આવતા ટેકનીકલ સોર્સ આધારે પોલીસ સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા ચોરીમાં ગયેલ રોકડ રકમ રૂપિયા ૨૫૦૦નો મુદ્દામાલ રીકવર કરી આરોપીને પકડી પાડી ચોરીનો ભેદ લાઠી સર્વેલન્સ ટીમ ઉકેલ્યો હતો.

---

## રાજયનાં મુખ્ય માહિતી કમિશ્નર અને અન્ય 3 માહિતી કમિશ્નર નિમાયા

અમરેલી, તા. ૨૬

ગુજરાત સરકારે રાજય માહિતી આયોગ, ગાંધીનગરમાં માહિતી આયોગમાં લાંબા સમયથી ખાલી પડેલ અને ખૂટતા મૂખ્ય માહિતી કમિશ્નર અને અન્ય ૩ માહિતી કમિશ્નરોની નિમણુંકના નોટીફિકેશન જારી કર્યા છે. જેમાં ગુજરાત રાજયના મુખ્ય માહિતી કમિશ્નર તરીકે ડો. સુભાષ સોનીની નિયુકિત કરવામાં આવી છે. તેમજ અન્ય માહિતી કમિશ્નરો તરીકે સુબ્રમણયમ આર. ઐયર, મનોજ પટેલ અને નિખિલ ભટની નિયુકિત આજ રોજ એક નોટિફિકેશન બહાર પાડીને કરવામાં આવી છે.

---

## અમરેલીનાં શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં કારગીલ વિશ્વ દિનની ઉજવણી



અમરેલી, તા. ૨૬

અમરેલી, શ્રીજી વિદ્યાર્થી ભુવન સરસ્વતી વિદ્યાલયમાં શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રીયતાની ભાવના સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૬ જુલાઈ કરગીલ વિજયદિનની ખુબજ ઉત્સાહ અને દેશ પ્રેમની ભાવના સાથે કરગીલ દીન ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શહીદોની યાદમાં દીપ પ્રગટાવી પુષ્પ દ્વારા શ્રદ્ધાંજલી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૯૯૯માં પાકિસ્તાનની ફોજના કેટલાક જવાનોએ શિયાળાનો લાભ લઈ કારગીલની ટેકરીઓ ઉપર કબ્જો જમાવીને ભારતની હદમાં ઘુસણખોરી કરી હતી. ટેકરી ઉપરની આ લડાઈમાં આપણા સૌનિકો માટે પડકારરૂપ હતી. તેમ છતાં કેપ્ટન બત્રાની ટૂંકડીએ ભારે ખુવારી વેઠીને પણ બહાદુરીપૂર્વક હુમલો કરી પાકિસ્તાનની નાપાક હરકતને હરાવીને વિજય પ્રાપ્ત કર્યો.

ભારતીય જવાનોના શોર્ય અને પરાક્રમી ગાથાને આખો દેશ સલામ કરે છે તેમના પરાક્રમ અને શહીદીને સમગ્ર દેશ કયારેય ભુલશે નહિ.

આ પ્રસંગને બિરદાવવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ધોરણ ૪ થી ૧૨ના વિદ્યાર્થીઓએ એક સુંદર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. આ પ્રસંગે સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ તથા વિદ્યાર્થીઓ અને સ્ટાફ ગણે ભારત માતાને નમસ્કાર કરી દેશના પનોતા પુત્રોને નતમસ્તકે ભાવથી યાદ કરી દેશભકિતની ભાવના ઉજાગર કરી હતી.






---

### દારૂનાં ધંધાર્થીઓમાં ફફડાટ ફેલાયો

## જાફરાબાદ શહેર અને મિતીયાળા ગામેથી એસએમસીની ટીમે દારૂનો જથ્થો ઝડપી લીધો

**દારૂનાં કેરબા, બનાવવાનાં સાધનો સહિતનો મુદ્દામાલ કબ્જે**

અમરેલી, તા. ૨૬

ગુજરાત મોનીટરીંગ સેલના એ.એસ.આઈ. રીતેશકુમાર ભીખાભાઈને બાતમી મળેલ કે જાફરાબાદ તાલુકાના મીતીયાળા ગામની સીમમાં સાગરભાઈ માયાભાઈ બારૈયાના કબ્જા ભોગવટાના ખેતરે આવેલ ઓરડીમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઉભી કરી તેને ચલાવી દેશી દારૂ ભરેલ હોય. ત્યાં દરોડો કરી દેશી દારૂના ૨૦ લીટરના કેરબા નંગ ૬ કિંમત રૂપિયા ૨૪૦૦ તથા સ્થળ ઉપર નાશ કરેલ કાંચો વોશ લીટર– ૬૭૦૦ કિંમત રૂપિયા ૧૩,૪૦૦ તથા ગેસના ચુલા નંગ–૫ કિંમત રૂપિયા ૨૫૦૦ તથા ગેસના બોટલ નંગ–૧૧ કિંમત રૂા. ૧૧,૦૦૦ તથા ભઠ્ઠીના પીપ નંગ–૬ કિંમત રૂા. ૧૨૦૦ તથા પ્લાસ્ટીકના ૨૦૦ લીટરના પીપ નંગ–૩૬ કિંમત રૂપિયા ૩૬૦૦ તથા મોટા ૫૦૦ લીટરના બેરલ નંગ–૩ કાંચનુ યંત્ર નંગ–૧ તથા પતરા પીપ ઉપર ઢાંકવાના ઢાંકણા નંગ–૪ તથા ધાતુની પઈપ નંગ–૧ તથા ગેસ લાઈટર નંગ–૧ સહિતના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

તેમજ જાફરાબાદ ગામે સરકારી ગોડાઉનની બાજુમાં ખાડામાં પીપળીકાંઠા સાગરભાઈ માયાભાઈ બારૈયાના કબ્જા ભોગવટા વાળા મકાનમાં આરોપી સાગરભાઈ માયાભાઈ બારૈયા (રહે. પીપળીકાંઠા ગામ, તા.જાફરાબાદ) તથા બાબુભાઈ ઉર્ફે રાજાભાઈ મોરમભાઈ સોલંકીએ પોતાના કબજા ભોગવટા વાળા મકાનમાં દેશી તથા વિદેશી દારૂનું વેચાણ કરતા હોય આરોપી પાસેથી રૂપિયા ૮૧,૧૩૦ સાથે મળી આવેલ તથા આરોપી પરસોતમભાઈ રાણાભાઈ સોલંકી, જગદીશભાઈ નથાભાઈ ભાલીયા, અજયભાઈ લાખાભાઈ બારૈયા તથા કલ્પેશભાઈ દેવાભાઈ મહીડા ગ્રાહક તરીકે દારૂ લેવા આવેલ અને ઉપરોકત મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની–મોટી કાચની બોટલો તથા બીયર ટીન મળી કુલ નંગ–૭૫ કુલ કિંમત રૂા.૯૯૯૬ તથા દેશી દારૂની નાની પોટલી નંગ–૭૦૦ મળી લીટર–૭૦ દેશી દારૂ કુલ કિંમત રૂા. ૧૪૦૦ તથા પકડાયેલ ઈસમોની અંગ ઝડતીના રોકડ નાણા રૂપિયા ૧૯૪૦ તથા મોબાઈલ નંગ–૭ કિંમત રૂપિયા ૫૫,૦૦૦ તથા ટુ વ્હીલર મોટર સાયકલ ૩ કિંમત રૂપિયા ૯૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૪૦,૨૬૦ ના મુદામાલ સાથે પકડાઈ જઈ તથા ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો પુરો પાડનાર ભરતભાઈ નામના ઈસમ કે જેનો મોબાઈલ નં. ૯૦૮૧૬ ૧૩૧૪૪ તથા તપાસમાં નીકળે તે તમામ પોતાના અંગત અને આર્થિક ફાયદા સારૂ ભેગા મળી એકબીજાને મદદગારી કરી પુર્વ આયોજીત કાવતરૂ રચી ગેર કાયદેસર રીતે વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો તથા દેશીદારૂ બિનઅધિકૃત રીતે લાવી મંગાવી હેરાફેરી કરી રાખી વેચાણ/ખરીદ કરતા ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલછે.

---

# લીલીયા ખાતે તાલુકા કક્ષાનાં સહકારથી સમૃધ્ધિ અને સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર કાર્યક્રમ યોજાયો



દેશનાસહકારમંત્રાલયદ્વારા સહકારથી સમુધ્ધી અને સહકારી સંસ્થાઓ વચ્ચેસહકારની ઝુંબેશ ચાલી રહેલ છે. તે અતંગર્ત લીલીયા તાલુકા કક્ષાનો સેમીનાર પ્રગતિ ક્રેડીટ કો.ઓ. સોસાયટી લી. નાયજમાન પદે યોજાયેલ જેમાં જીલ્લા રજીસ્ટાર કચેરીના કર્મચારી હિરેનભાઈ એન.ભટ્ટ અને જે.વી.પટેલ તથા અ.જી.મ.સ.બેંક લી. ના સીનીયર ઓફીસર મનિષભાઈ ધાનાણીઅનેબ્રાંચ ઈન્સ્પેકટર ભેમીકભાઈ ભુવા અને તાલુકાનીતમામસેવાસહકારીસંસ્થાઓના પ્રમુખઅનેમેનેજરઓઆમિટિંમાંહાજર રહેલ. આ તકે સ્વાગત પ્રવચન અ.જી.મ.સ.બેંક લી. ના સીનીયર ઓફીસર મનીષભાઈ ધાનાણી એ કરેલ અનેબેંકનીખાતાખોલાવવાવિશેનીમાહીતી આપેલઅનેજીલ્લારજી.કચેરીનાકર્મચારી હીરેનભાઈએન.ભટ્ટદ્વારાદેશનાસહકારી માળખાનેમજબુતઅનેસશક્તબનાવવા અને સહકાર થી સમુધ્ધી અને સહકારી સંસ્થાઓ વચ્ચેસહકાર કાર્યક્રમનીરૂપરેખા આપી તે અંતગર્ત ગ્રાઉન્ડ લેવલે કરવાના કામોની અને જવાબદારીની માહીતી આપેલ. તેમજ પી એસ સી માટે જે ૧૭ અલગ અલગ ઈન્સ્ટેટીવ લાગુ કરવામાં આવેલઅનેસભાસદોનાસહકારીબેંકમાંજ ખાતા ખોલવાનીમાહીતીઆપેલહતી. આ કાર્યક્રમ માં આભારવીધી લીલીયા કેડીટ કો.ઓ. સોસાયટીના મેનેજર મગનભાઈ વિરાણીએકરેલઅનેબાકીકામગીરી૧૦૦% પુર્ણકરી. લીલીયાતાલુકાનેગુજરાતનોપ્રથમ તાલુકો બનાવવની બાંહેધરીઆપેલ. સૌનો આભાર માની કાર્યક્રમ પુરો કરેલ અને કાર્યક્રમનેસફળબનાવવામાટેપ્રગતિક્રેડીટ કો.ઓ. સોસાયટી લીના મેનેજર ભદ્રેશભાઈ રાદડીયાએજહેમત ઉઠાવેલ અને સૌનો આભાર માની કાર્યક્રમ પુરો કરેલ. તેમઈમરાન પઠાણનીઅખબારી યાદીમાંજણાવેલછે.

## ૧૩ થી ૧૯ જુલાઈ સુધીમાં સૌથી વધુ પ્રચલિત રાજકીય નેતા તરીકે

# રાહુલ ગાંધી સોશ્યલ મીડિયામાં સર્વોચ્ચ સ્થાને પહોંચ્યા

**દેશભરનાં ખેડૂતો, શ્રમિકો, યુવાનો, મહિલાઓનો સંપર્ક કરતાં હોય આમ આદમીમાં લોકપ્રિય બની ગયા**

**કિસાનોનાં આગેવાનોને પાર્લામેન્ટમાં આવેલ ઓફિસમાં બોલાવીને તેમની સમસ્યાનાં નિરાકરણની ખાત્રી આપી**

**ઉત્તરપ્રદેશમાં એક મોચીની દુકાને બેસીને બુટ-ચંપલની સિલાઈ કરતાં સૌ આશ્ચર્યચકિત**

**સોશ્યલ મીડિયામાં નામજોગ ચાલતી ચેનલને લાખો દર્શકો નિહાળી રહ્યા છે**



અમરેલી, તા. ૨૬

ભાજપે જે વ્યકિતને પપ્પુ સાબિત કરવા માટે તેમના ભોપુ મીડિયામાં કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છતાં તે રાહુલ ગાંધી આજે દેશમાં રાજકીય નેતાઓની યાદીમાં સૌથી વધુ લોકપ્રિય સાબિત થઈ રહ્યા છે. ભાજપની તમામ મહેનત અને ખર્ચ એળે ગયો છે.

કોંગી નેતા રાહુલ ગાંધી છેલ્લા ર વર્ષથી ભારત જોડો યાત્રાનાં માધ્યમથી દેશનાં કરોડો ખેડૂતો, શ્રમિકો, કુલીઓ કે વાળંદ, મોચી જેવા વ્યવસાયકારોની મુલાકાત લઈ રહ્યા છે. તો દિલ્હીનાં એક શાકભાજીનાં રેંકડી ધારકને ઘરે બોલાવીને તેની સાથે ચર્ચા કરી. તો કોલેજો, યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને તેમજ બેરોજગાર યુવાનોને મળી રહ્યા છે. ટ્રક ડ્રાઈવર સાથે પણ મુસાફરી કરતાં તેઓની લોકપ્રિયતાનો ગ્રાફ સતત વધી રહ્યો છે.

તાજેતરમાં ૧૩ જુલાઈથી ૧૯ જુલાઈ સુધીમાં રાહુલ ગાંધીનાં વિડીયોને યુ-ટયુબ ઉપર સવા કરોડ વ્યકિતઓએ નિહાળ્યો તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પોતાની યુ-ટયુબ ચેનલમાં માત્ર ૧૧ લાખ દર્શકો જોવા મળ્યા.

આશ્ચર્યજનક બાબત એ છે કે, દેશની જનતા કે પિડીતો પ્રધાનમંત્રી પાસે તેમની સમસ્યાનું વર્ણન કરવાને બદલે વિપક્ષી નેતા રાહુલ ગાંધી સમક્ષ સમસ્યાનું નિરાકરણ માંગી રહી છે.

## આઠ પ્રકારની દાણાની પેસ્ટથી સારૂ પરિણામ

# ''સપ્તધાન્ય''ના પ્રયોગથી ફળ-શાકભાજી અને દાણામાં ચમક લાવી શકાય

**ખેડૂતો પાસે આઠ પ્રકારનાં દાણા સહેલાઈથી ઉપલબ્ધ**



અમરેલી, તા. ૨૬

રાજયને આગામી પાંચ વર્ષમાં પ્રાકૃતિક કૃષિમાં ૧૦૦ ટકા પરિવર્તિત કરવા માટે રાજય સરકાર દ્વારા રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. પ્રાકૃતિક કૃષિ સમયની માંગ હોવાની સાથે ખેડૂતો અને જમીન માટે પણ યોગ્ય છે. આ પદ્ધતિ દ્વારા કૃષિ કરી રહેલા ખેડૂતોને ખૂબ સારા પરિણામો મળી રહ્યા છે.

પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પન્ન થતી પેદાશોને આકર્ષક અને ચમકદાર બનાવવા માટે ખાસ કરીને ફળ અને શાકભાજીઅનેદાણામાંચમકલાવવામાટે પણ પ્રાકૃતિક અને બિનખર્ચાળ ઉપાય કરવામાં આવતા હોય, રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનાપુસ્તકમાંઆદર્શાવવામાંઆવ્યા છે. આઉપાયનુંનામ 'સપ્તધાન્ય' છે.

'સપ્તધાન્ય' દ્વારા અલગ અલગ પ્રકારના સહેલાઈથી ઉપલબ્ધ એવા કઠોળ, અનાજ અને દાળના ૮૦૦ ગ્રામ દાણાદ્વારાએકચોક્કસ પેસ્ટ બનાવી અને તેનોપ્રયોગ કરી શકાય છે.

**સામગ્રી :** સપ્તધાન્ય તૈયાર કરવા માટે તલ, મગ, અડદ, વટાણા, કોફી, મઠ, ચણા અને ઘઉંના દાણાં એમ દરેક ૧૦૦ગ્રામની માત્રામાં લેવા.

**રીત :** એક નાની વાટકીમાં તલના ૧૦૦ગ્રામ દાણાંલઈ તેમાંએટલા પ્રમાણમાં પાણી નાખો કે જેથી બધા દાણાં પાણીમાં પલળીજાય. બે દિવસ બાદ એક મોટી વાટકીમાં ૧૦૦ ગ્રામ મગના દાણાં, ૧૦૦ ગ્રામ અડદના દાણાં, ૧૦૦ ગ્રામ વટાણાના દાણાં, ૧૦૦ ગ્રામ કોફીના દાણાં, ૧૦૦ ગ્રામ મઠના દાણાં, ૧૦૦ ગ્રામ ચણાના દાણાં, ૧૦૦ ગ્રામ ઘઉંના દાણાં ભેળવો. આ બધાને સારી રીતે ભેળવી તેમાં એટલું પાણી ઉમેરવું કે તેથી તે સારી રીતે પલળી જાય. ત્યારબાદ તેને ઘરમાં રાખો. ત્રણ દિવસ બાદ બધા દાણાંને બહાર કાઢી લો, ત્યારબાદ કપડાની પોટલીમાં આ બધા દાણાંઓને બાંધવા અને તેને અંકુરિત થવા માટે ઘરની અંદર જ રાખવા. જે પાણીમાં દાણા પલાળવામાં આવ્યા હતાં તે પાણીને પણ ઢાંકીને રાખો. પોટલીમાં રહેલ દાણામાં જયારે ૧ સે.મી. લંબાઈના અંકુર બહાર નીકળે ત્યારે પોટલી ખોલવી અને તેની ચટણી બનાવવી. હવે ૨૦૦ લીટર પાણીમાં આ ચટણીને હાથ વડે સારી રીતે ભેળવી અને પહેલાં પલાળેલા પાણીને પણ આમાં ભેળવવું. આ તૈયાર થયેલા મિશ્રણને ર કલાક સુધી રાખો. બે કલાક બાદ આ મિશ્રણને હલાવી કપડાથી ગાળી લેવું. હવે ૪૮ કલાકની અંદર આનો છંટકાવ કરી દેવો. જયાં તેનો છંટકાવ કરેલો હશે ત્યાં ચમક આવી જશે.

પ્રાકૃતિક કૃષિના વિશેષ પાસાઓ : પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં ૧૦ ટકા પાણી અને ૧૦ ટકા વીજળીની જરૂરિયાત રહે છે. એનો અર્થ કે ખેડૂતો પોતાની ૯૦ ટકા વીજળી-પાણીની બચત કરી શકે છે. આ પદ્ધતિમાં પાક ઉત્પાદન રાસાયણિક અને સજીવ ખેતી પદ્ધતિથી વધારે થઈ શકે છે. આ ઉત્પાદન ઝેરમુકત, ઊંચી ગુણવત્તાયુકત, પોષ્ટિક અને સ્વાદિષ્ટ હોય છે. આ ગુણવત્તાના કારણે વધુ માંગ હોવાના કારણે સારો ભાવ પણ મેળવી શકાય છે. પ્રાકૃતિક કૃષિનું સૂત્ર છે. 'ગામના પૈસા ગામમાં, શહેરના પૈસા ગામમાં' આ પાસાઓનો વિચાર કરી ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અને આધ્યાત્મિક કૃષિ અપનાવવી જોઈએ.

## મચ્છર ઉત્પતિ સ્થાનોનો નાશ કરાયો

# લીલીયામોટા ગામે ડેન્ગ્યુ માસની ઉજવણી

**આરોગ્ય અધિકારીના માર્ગદર્શનતળે કાર્યવાહી**



લીલીયા મોટા, તા.૨૬

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - ક્રાંકચ તળેના લીલીયા મોટા ગામે ડેન્ગ્યુ માસની ઉજવણીના ભાગ રૂપે લીલીયા મોટા ગામના પાણી ભરેલા તમામ મોટા ખાડાઓમા ડાયફલોરોબેનઝયુરોન દવાનો છંટકાવ કરવામાં આવ્યો તેમજ ચોમાસાની ઋતુને અનુલક્ષીને ઘનિષ્ટ પોરાનાશક કામગીરી નકામા પાત્રોનો નાશ કરાયો. વાહકજન્ય રોગ જેવાકે મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ચાંદીપુરા જેવા રોગોથી બચવા લોકોને આરોગ્ય શિક્ષણ પૂરૂ પાડવામાં આવ્યું.

ગ્રામજનોને વિનંતી કરવામાં આવી કે સ્વયં પોતે પોતાની આરોગ્યની કાળજી લઈ આજુબાજુના વરસાદી નાના મોટા ખાડાઓનું પાણી વહેવાડાવી દેવું અથવા માટીથી પુરાણ કરવું અને મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરવો, પોતાના ઘરમાં રહેલા પાણી ભરેલા વાસણોને ઢાંકીને રાખવા તથા શકય હોય તો મચ્છરદાનીમાસુવો, રાત્રીના સમયે તેમજ વહેલી સવારે લીમડાના પાનનો ધુમાડો કરી મચ્છરોનો નાશ કરવો. આ તમામ પ્રવૃતિઓ માટે તાલુકા આરોગ્ય અધિકારી એમ.એ.સિધ્ધપુરાના માર્ગદર્શન તળે પ્રા. આ. કે ક્રાંકચના એમ.પી.એચ.એસ. બીપીનભાઈ. સી કંડોલીયા, નિલેશભાઈ.આર. વેકરિયા તેમજ એમ.પી.એચ.ડબલ્યુ. વિજયભાઈ ધાધલ ફિ.હે.વ.રાખીબેન મકવાણા આશા ફેસિલિટેટર બહેને ભારે જહેમત ઉઠાવેલ.

## અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીનાં સીએસઆર વિભાગ દ્વારા

# રાજુલાનાં કોવાયા સહિતનાં ગામોમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન

**બાળકોને ડ્રોઈંગબુક, ચોકલેટનું કરાયું વિતરણ**



તસ્વીર : વાઘ સુમરા-કોવાયા

અમરેલી, તા. ૨૬

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસના સીએસઆર વિભાગ દ્વારા આસપાસના ગામોમાં વિકાસના વિવિધ કામો હાથ ધરવામાં આવે છે. જેમાં શિક્ષા, સ્વસ્થય, મૂળભૂત બાંધકામ, રોજગારલક્ષી તાલીમ, ઉપરાંત સામાજિક સુધારા વગેરે વિષય પર સમાયંતરે કાર્યક્રમો યોજી ગામના વિકાસમાં ભાગીદારી નોંધાવે છે.

શિક્ષણ ક્ષેત્રે સીએસઆર દ્વારા અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. જેમાં બાળકોના સર્વાંગી વિકાસને આવરી લેવામાં આવે છે. જે અંતર્ગત શાળામાં પ્રથમવાર પ્રવેશ મેળવનાર બાળવાટિકા તથા પ્રથમ કક્ષાના બાળકોનો આત્મવિશ્વાસ વધારવા તથા તેને પ્રત્સોહન આપવા પ્રવેશોત્સવ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. જેમાં તારીખ ૧૦ અને ૧૧ જુલાઈ ૨૦૨૪ના રોજ કોવાયા તથા વારાહસ્વરૂપમાં પ્રવેશોત્સવનું આયોજન થયુ. જેમાં ઈઆર, ડીપાર્ટમેન્ટમાંથી મનોજ ગૌસ્વામી, ફાયર ડીપાર્ટમેનમાંથી અમિત વર્મા તથા સીએસઆર ડીપાર્ટમેનમાંથી જી.જી.રાવ દ્વારા બાળવાટિકાના બાળકોને ડ્રોંઈગ બુક, કલર્સ અને ચોકલેટ આપીને પ્રોત્સાહિત કરાયા. જયારે પ્રથમ કક્ષાના બાળકોને નોટ બુક, પેન્સિલ અને કલર્સ અને ચોકલેટ આપીને તથા પ્રેરણાત્મક વચનો દ્વારા ભણવા માટે ઉત્સાહિત કરવામાં આવ્યા. જેથી બાળકોમાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા કોવાયા પ્રાથમિક શાળાના પ્રિન્સીપાલ લાલજીભાઈ તથા સ્ટાફગણ અને વારહસ્વરૂપ પ્રાથમિક શાળાનાં પ્રિન્સીપાલ કિશનભાઈ તથા સ્ટાફગણનો પણ ખૂબ સહયોગ રહ્યો હતો. તેમજ સીએસઆર ટીમ દ્વારા જી.જી.રાવના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



















# આંસુ, સાસુ અને ચોમાસુ ગમે ત્યારે વરસી પડે

## પગદંડી/લેખન



**– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

'શબ્દસૃષ્ટિ'ના સંપાદક આ.શ્રી જયેન્દ્રસિંહ જાદવને સંપાદકીય લેખ વાંચતો હતો. ખૂબ ગમ્યો " રે આજ અષાઢ આયો" જાદવ સાહેબ ખૂબ સરસ–ચિંતનાત્મક, પ્રાસાદિક, વૈચારિક લખે છે.વાંચવુ ગમે, એમાંથી થોડી વાત કરવી છે. તમારી સાથે શેર કરવાની ઈચ્છા થઈ છે. લખે છે...

વરસાદ એ કોઈ મૌસમની ઘટના નથી પણ મૌસમનો આગવો મિજાજ છે. કહેવત **ટાંકતા** કહે છે, " આંસુ, સાસુ અને ચોમાસુ કયારે વરસી પડે એ કહેવાય નહિ. અહિ બીજી કહેવત યાદ આવે છે. "આભનદ ને **ગામનો** ભરસો નહિ."


વષાૠતુનાં પ્રથમ વરસાદ વિષેની લાગવી દર્શાવતા કવિવર રવીન્દ્રનાથ ટાગોર કહે છે." છત્રી વગર બહાર નીકળેલી કુવારિકાની ગાલ ઉપરથી પ્રથમ વર્ષાના બિંદુ તેને ચુંબન કરતા કરતા ટપકે છે. તે જોઈ મને મેરુલાની ઈર્ષા આવે છે." છેને રંગીન કલ્પનો


સાહિત્યમાં વર અને વરસાદ માટે કવિઓ અનરાધાર વરસ્યા છે. કંઈક જ ભૂલ્યુ હશે. વરસાદી ગીતોનો કવિ તુષાર શુકલ શું કહે છે? મારો સાહ્બો અષાઢીલો મેધ છે. સખી અને વરસતા લામે વાર...પણ વરસે ત્યારે અનરાધાર", આ અનાધાર શબ્દ કેવો સુંદર છે.? એમાં વર્ષોનું, ક્રિયાનુ સાતત્ય વરતાય છે. અને તેનો ભાવ જાગૃત થાય છે.

આ વળી રોબર્ટ કીલી શું લખે છે......તું મારા પ્રેમનો પ્રતિધ્વનિ ન આવ તો તારી મરજી. પણ અત્યારે ઘરના છાપરે ઉભી રહેજે. કોઈ જોઈ ન જાય તેમ તારો આજનો પ્રેમી તને ધક્કો મારે અને તું વર્ષાજળમાં જરૂર ભીંજાયને મને યાદ કરજે."

વર્ષાના રૌદ્રસ્વરૂપનો આધાર લઈ ચૂંદ્રમંત શેઠ લખે છે. સાવન કેવો છકી ગયેલો, દશે દિશાઓ ભેગી ડહોળી દેવા જકે ચઢેલો.

ચોમાસુ એ કુદરતી કવિતા છે. એ વરસે છે. ત્યારે મન ભરીતે, ઢગલો, થઈને, સાંબેલાધારે વરસે છે. વાદળોની મહાનતા જુઓ, આપણને સુખી થવાની ભાવના. વાદળ પોતે ખાલી થઈ જાય પણ આખી પૃથ્વીને, ધરતીને તૃપ્ત કર્યા વિના રહે નહિ જાય નહિ. જગત આખાને પોતાના અમૃતથી સભર કહી દે છે. ભરી દે છે. ખાલી થઈને પણ ધરતીમાં તે જીવતંતુમાં જીવનમાં રંગો ભરતા રહેવુ ને સદાય વરસતા રહેવુ એને માણવુ મળે. પણ આજકાલ કયા કોઈને ગમે છે? જીવનની અને પૈસાની દોડમાં આપણે દરેક મૌસમની મિજાજને માણવાનુ ચૂકી જઈએ છીએ. આપણે તો ફરિયાદમાંથી ઉચા નથી





આવતા. અહી પાણી ભરાઈ, રસ્તો ભૂવા પડયા નહિ બે કોઈ વહેવા લાગી, ઢોર, **માણસ તણામા**, પૂલ તૂટી ગયા વિગેરે પહેલો તો પહેલા વરસાદે ઘરમાં ભીંજીયા, પકોડા બનતા જ બનતા. આજે કેવા પકોડા બનાવે ! બહુ થાય તો ગામમાંથી મંગાવી લેવાના.

આ લખનારે નાનપણમાં પહેલા વરસાદ કે વરસાદની હેલીને માણી છે. એક ઓસરિયે બે મકાન હોય. દેશી મળિયાનો છાપરા હોય. ફલી પાવાથી ભરાઈ નહી ઉભરાઈ ગયુ હોય. તે પહેલા ઉઘ પછી લાગે કે ગોદડું ભીનું થયુ છે. જોઈએ તો નળિયામાંથી ટપક ટપક ટીપા પડતા હોય. ઉઠીને તપેલુ મૂકવાનુ. થોડીવાર થાય તો બાપા કહે, અહિ પણ તમારુ મૂકો, આમ એમા જ રાત્રી પૂરી થતી. એનો પણ આનંદ હતો.

આજે કયા વરસાદ વરસે છે? કેમ વરસે છે? એનું સંગીત કેવુ હોય એની ખબર કયાંય પડે ? કાનમાં બે દટા ભરાવીને બેઠા હોય ત્યાં એને પહેલા કે છેલ્લા વરસાદનું ભાન કયાંથી હોય?

ચોમાસામાં નિશાળેથી છુટીએ ત્યારે જો વરસાદ વરસતો હોય તો દફતર માથે મૂકી મૂકવાની દોડ. વહેલુ આવે ઘર અને કાંતો નદી ઘૂઘવાટા કરતી ઘોડાપૂર વહેતી જોવી એ પણ લ્હાવો છે. એ જોઈને રોમાંચિત થઈ ઉઠતો. હવે એવો રોમાંસ કયા? પણ આવુ બધુ લખવુ ગમે, વાંચવુ ગમે પણ આજકાલનાં બાળકો, યુવાનો એનાથી વંચિત છે. કારણ કે, નિશાળોમાં માત્ર અભ્યાસ ભણવાય છે. પ્રેકટીકલ છે જ નહિ. સ્વાનુભૂતિ કયાં? પર્યાવરણ વિષયમાં બાળક ૧૦૦માંથી ૧૦૦ મુલા વાંચી દેશે પણ એ કયારેય વરસાદમાં ન્હાયો નહિ હોય. વૃક્ષો વિશે સુંદર નિબંધ લખશે પણ ઉગેલો છોડ કયારેય વાવ્યો નહિ હોય.એટલુ જ નહિ અંકુર ફૂટેલા પણ ભાગ્યે જ જોયા હશે.

પહેલા વરસાદમાં ટાબરીયા ઉઘાડે ડીલે, નાગડાપુગડા ફળીમાં કે શેરીમાં નહાતા નહાતા ગાતા હોય." આવરે વરસાદ, ઢેબરીયો વરસાદ, ઉની ઉની રોટલીનું કારેલાનું શાક." શું આજના બાળકોએ એવો લ્હાવો લીકો હશે ખરો? અથવા મા–બાપે લેવા દીધો હશે ખરો? ખાબોચિયામાં કાગળની હોડી તરતા કે તરાવતા જોયુ છે? એ પણ કેવી મોટી જોવાની કલ્પના હતી.

હક્કીતમાં તો દરેક ૠતુમાં ઘરમાં કે શાળામાં એના જોગ ઉત્સવ ઉજવવા જોઈએ. જેથી બાળક અનુભાવે શીખે.દરેક ૠતુને વધાવતા ઉત્સવો જેવા કે વર્ષામંગલ, વસંતોત્સવ, ગ્રીષ્મોત્સવ ઉજવવા જોઈએ. અંતમાં એટલુ જ કહીશ કે, માણ્યુ તેનું સ્મરણ કરવુ એ છે જીવનનું એક લ્હાવુ.




# અમરેલીનો છોકરો જયારે આંતરરાષ્ટ્રીય ડાયમંડ માર્કેટમાં નામ કાઢે છે

## ભાતીગળ સૌરાષ્ટ્ર

**ખુશાલદાસ કુરજી પારેખઃ–**



સામાન્ય સ્થિતિમાંથી આપબળેઆગળ આવી તેઓ સોલિસીટર થયા હતા. અમરેલીમાં કોમર્સ કોલેજના નિર્માણમાં તેમનુ મુખ્ય યોગદાન છે. કપોળ વણિક જ્ઞાતિના તેઓ આગેવાન હતા. અમરેલી ઉપરાંત રાજુલા,જાફરાબામાં પણ તેમણે શાળાઓ, બોર્ડિંગો અને દવાખાનાં સ્થાપીને પ્રજાની સેવા કરી હતી. તેઓ અમરેલીના વતની હતી.

**પ્રતાપરાય ગિરધરલાલ મહેતાઃ**



જાણીતા ઉદ્યોગપતિ. સંવત ૧૯૫૬માં અમરેલીમાં જન્મ. વડોદરા રાજયનાં પ્રથમ સ્વતંત્ર પુસ્તકાલયની તેમણે અમરેલીમાં સ્થપના કરી હતી. તેમના પ્રયાસો થકી જ દેશનું પ્રથમ બાળપુસ્તકાલય ઈ.સ. ૧૯૩૧માં અમરેલીમાં થયુ હતુ. ઈતિહાસ અને પુરાત્વ એમના શોખના વિષયો હતો. તેઓની પાસે પ્રાચીન સિક્કા, અવશેષોને વિશાળ સંગ્રહ હતો. ગાયકવાડ સરકારે તેઓને 'રાજરત્ન' અને ભારત સરકારે તેમને 'પદ્મશ્રી' નો ખિતાબ એનાયત કર્યો હતો. અમરેલીની આર્ટસ અને સાયન્સ કોલેજના નિર્માણમાં તેમનુ મુખ્ય યોગદાન છે. અમરેલી પાસેનો ગોહેલવાડનો ટીંબી ખોદાવીને હડપ્પા અને લોથલ સંસ્કૃતિના દર્શન પ્રજાને એમણે કરાવ્યા હતા. અમરેલીને એમણે ઈતિહાસમાં અમર બનાવ્યુ છે.

**બાવચંદભાઈ વડેરાઃ**

તા.૨૬/૨/૧૯૦૬ના રોજ જન્મેલા બાવચંદભાઈમાવજીભાઈ વડેરા




અભ્યાસમાં ખૂબ જ તેજસ્વી હતા. ખૂબ જ સારા માર્કસ સાથે તેઓ એલએલ.બી. થયા હતા. તેઓ નામાંકિત વકીલ ગણાતા હતા. અમરેલી શહેર સુધરાઈના પ્રમુખ રહી ચૂકેલા બાવચંદભાઈએ શિક્ષણ ક્ષેત્રે પણ મહત્વનું યોગદાન આપેલુ છે. તેઓ કમાણી ફોરવર્ડ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી હતા. વાંચનના શોખીન બાવચંદભાઈ સારા લેખક પણ હતા. તેઓ ચિંતનાત્મક લેખો અને નવલિકાઓ લખતા. તેમનો એક લેખસંગ્રહઅને બે વાર્તાસંગ્રહો પ્રકાશિત થયા હતા.કાયદાશાસ્ત્રનાં તેઓ નિષ્ણાંત હતા. તેમની માત્ર અમરેલીમાં જ નહી, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રમાં હતી. ૭૫ વર્ષની ઉમંરે તા.૨૪/૮/૧૯૮૦ના રોજ તેમનુ અવસાન થયુ.

# બાળકોને અમુક વિના ચાલે તમુક વિના ના ચાલે

## શિશુવંદના

**– ગિજુભાઈ ભરાડ**

જાહેર ખબરની એક વ્યાખ્યા એવી છે કે તમને જેવા વિના ચાલે, તમને એના વિના ન ચાલે એવું સમજાવવાની કળા. બાળકો પર જાહેર ખબરનો ખૂબ પ્રભાવ પડે છે. કારણ કે થોડીક સેકન્ડોની જાહેરખબરનું–લગભગ નવા કલાકારોને લઈને એક આખી ફિલ્મ બનાવી શકાય એટલુ– જંગી બજેટ હોય છે. માણસના મન સાથે જાહેરખબરો ખતરનાક રેતી કામ કરે છે. અનેક જાહેરખબરોમાં તો બાળ કની ઉપસ્થિતિ હોય છે જ એટલે એના તરફ એ વધુ આકર્ષાય છે. બાળ કને આ જાહેરખબરોના સાચા અર્થ ઘટનો, તેના નિર્માણની પદ્ધતિઓ અને વેચાણ વૃદ્ધિ માટેના કંપીના વિવિધ ઉપક્રમો પાસે બેસીને સમજાવવા જોઈએ. જેથી એ જાહેરખબરોનો આનંદ લેતા શીખે, પરંતુ એના ઉત્પાદનોની જાળમાં ફસાય નહી. બાળકની જરૂરિયાતોમાં અકારણ વૃદ્ધિ ન થાય તે જોવાની જવાબદારી વાલીઓની છે. કેટલાક વાલીઓ તો એવુ કહેતા પણ સાંભળવામાં આવ્યા છે કે મારા લાલાને ફ્રિજના પાણી વિના ન ચાલે વગેરે....વગેરે.. ઘરના માટલાના મીઠા પાણીની તોલે આવી શકે એવુ જળ આ સંસારના કોઈ ફ્રિજમાંથી મળતુ નથી. કુદરતી ઠંડકની જે મીઠાશ છે. તે ફ્રિજ પાસે નથી પણ એ પ્રાકૃતિક મીઠાશની એને ચાનક લગાવવી પડે છે. એકવાર લાગી જાય પછી એ રસ્તે જ એનો વિકાસ થશે. જાહેરખબરોના જંગલથી બાળકોને બચાવવાનું કામ એટલુ અઘરુ થઈ ગયુ છે કે અમેરિકામાં એક પિતા પોતાના પુત્ર સાથે ફરવા નીકળ્યા ત્યારે આકશમાં ચંદ્ર જોઈને પુત્રએ પૂછયુ, "પપ્પા પપ્પા આ ચંદ્ર શાની જાહેરાત કરે છે?"




**બાલમિત્રો,**

"સજજન" શબ્દનો અર્થ જાણો છો? ભલો માણસ. જગતમાં બધા માણસો સજજન નથી હોતા. કયારેક આપણાને ખરાબ, સારા, માઠા અનુભવો પણ થતા હોય છે.એક પ્રસંગ સાંભળો..... થોમસ જેરસન અમેરિકાનાં રાષ્ટ્રપ્રમુખ હતા. રાષ્ટ્રપતિ બન્યા પહેલાનો પ્રસંગ છે. તેઓ પોતાના મિત્ર સાથે ઘોડીગાડીમાં બેસી ફરવા જઈ રહ્યા હતા. વચ્ચે એક મોટુ નાળુ આવ્યુ. ત્યાં નાળા એક કિનારે કોઈ વૃધ્ધ માણસ ઉભો હતો. તેણે ઘોડે સવારને કહ્યુ. " ભાઈ ! શું તમે મને આ નાળુ પસાર કરાવી દેશો ?" પછી થોમસે તે વૃધ્ધ માણસને પૂછયુ," ભાઈ! તમે ઘણા સમયથી અહિ ઉભા હશો. શું કોઈ માણસ અહિથી નીકળ્યયો જ નથી કે તમને નાળુ પસાર કરાવી દે?" તમે મને જ શા માટે કહ્યુ ?" પેલા વૃધ્ધ માણસે હસીને કહ્યુ, "શું કરુ મહાશય. નીકળેલા તો ઘણા હતા. પણ કેટલીક એવી વ્યકિતઓ નીકળી કે જેમના મોં પર ના લખેલી મ્રે વાંચેલી. તો કેટલાક એવા ચહેરા હોય છે કે જેમના ચહેરા ઉપર હા જ વાંચવા પડે. એમાના આપ એક છો." માટે જ વિનોબાજીએ કહ્યુ છે કે, જેના મુખમાંથી સહ જ રીતે હા નીકળે છે તે માણસ આષ્તિક, સજજન હોય છે અને જેના મુખમાંથી જા નીકળે તે નાષ્તિક કે દુર્જન માણસ હોય છે.

# બાપા કાગડો !

## બાલકથાઓ



**ગિજુભાઈ બધેકા**(બાલસાહિત્યના બ્રહ્મા)

એક દિવસ ઘરડો વાણિયો લાકડીને ટેકે ટેકે દુકાને ગયો અને ઘેલાશેઠની ગાદીએ ચડીને બેઠો. બાપને જોઈ દીકરો ચિડાયો અને મનમાં બબડયો – આ ડોસો વળી અહી કયા આવ્યો ! નકામો ટકટકાટ કરશે અને જીવ ખાશે.

થોડી વારમાં ડોસાએ એક કાગડો જોઈ ટાઢે પેટે કહ્યુ–ભાઈ ! કાગડો.

ઘેલાશો તો ડોસાનો પ્રશ્નથી જ વિચારમાં પડયા અને અત્યંત ચિડાઈને બોલ્યા – હા, બાપા ! કાગડો.

ડોસાએ વળી કહ્યુ – ભાઈ !કાગડો. ઘેલાશાએ જરા વધારે ચિડાઈને અને કંઈક તિરસ્કારથી જવાબ વાળ્યો – હા, બાપા ! કાગડો.

ડોસાએ જાણ્યુ કે દીકરો ચિડાય છે. પરંતુ તે દીકરાની આંખ ઉઘાડવા જ આવ્યો હતો. તેથી પૂરેપૂરી શાંતિથી રાખી બોલ્યો–ભાઈ! કાગડો ! ભાઈ તો એકદમ ખિજાયા અને ભભૂકી ઉઠયા–હા,બાપા! કાગડો ! હા, એક કાગડો છે. એમા વારેવારે 'ભાઈ ! કાગડો' એમ શુ બોલ્યા કરો છો? મને મારુ કામ કરવા દો ને ? કહીને ઘેલશા આડુ મોં કરી પોતાને કામે લાગ્યા.

ઘરડો વાણિયો કંઈ કાચો ન હતો. તેણે ઘેલશાનો હાથ પકડી કાગડા તરફ આંગળી કરી. ઠંડે પેટે કહ્યું– ભાઈ ! કાગડો. હવે ઘેલશાનો મિજાજ ગયો. તેણે વિચાર્યુ– આ ડોસો જો ને નકામો 'ભાઈ ! કાગડો ' લવ્યા કરે છે! નથી કાંઈ કામ કે કાજ! નવરો પડયો એટલે નકામો લવારો !

તેણે ડોસા સામે જોઈ કહ્યુ–બાપા ! ઘેર જાઓ. અહીં તમારુશુ કામ છે ? દુકાને કામકાજમાં નાહક તમે શા માટે ડબાડબ કરો છો ?

શાંતિથી જરા હસીને કાગડા સામી આંગળી કરી ડોસો બોલ્યો – પણ ભાઈ ! કાગડો.

હા, બાપા ! કાગડો, કાગડો, કાગડો ! હવે તો કેટલી વાર કાગડો ? કાગડામાં તે શુ છે. તે ' કાગડો 'કાગડો' કરો છો?


ડોસો ફરી વાર આંગળી કરી 'ભાઈ ! કાગડો.' એમ બોલે તે પહેલા ઘેલા શેઠે વાણોતરને કાગડો ઉડાડી મૂકવાનું કહ્યુ. કાગડાને ઉડાડી મૂકાવ્યો. પછી લખતો લખત પોતાના મનમાં બળતો મોટેથી બબડયો – ખરેખર, 'સાઠે બુદ્ધિ નાઠી ' તે બરાબર સાચુ છે. આ ડોસાની બુદ્ધિ હવે છેક ગઈ છે. હવે તો ડોસો મરે તો સારુ ! ડોસાની આંખે આંસુ આવ યા. તેણે જુના વાણોતરને બોલાવીને પેલો જુનો ચોપડો કઢાવી ઘેલશાના હાથમાં ' બાપા! કાગડો' 'હા ભાઈ! કાગડો' લખેલુ પાનુ મૂકયુ. ઘેલશાને તેના બાળપણથી સઘળી હકીકત વાણોતરે કહી સંભળાવી. ઘેલશા સઘળુ તરત જ સમજી ગયો. દીકરે બાપની માફી માગી અને તે દિવસથી માબાપની ખરા દીલથી ચાકરી કરવા લાગ્યો.

# અશફાકઉલ્લા ખાન

**જન્મ : ૨૨ ઓકટોબર, ૧૯૦૦**
**વીરગતિઃ ૧૯ ડિસેમ્બર, ૧૯૨૭**

**'તંગ આકર હમ ભી ઉનકે ઝુલ્મ સે બેદાદ સે ।**
**ચલ દિયે સુએ અદમ ઝિંદાને ફૈઝાબાદસે ।।'**

આવો શે' ર બોલી ફાંસી તખ્તા ઉપર ચઢનાર અશફાકઉલ્લાસ ખાનનો જન્મ ૨૨મી ઓકટોબર, ૧૯૦૦ના રોજ શાહજહાંપુરમાં થયો હતો. તેમને ત્રણ મોટાભાઈ અને એક બહેન હતા. તેમનુ કુટુંબ શ્રીમંત અને સુશિક્ષિત હતુ. તેમના કેટલાક સગા મોટા મોટા અધિકારીના પદ ઉપર હતા. અશફાકને અભ્યાસમાં રસ ન હતો. તે ફકત આઠમાં ધોરણ સુધી જ ભણ્યા હતા. રામપ્રસાદ બિસ્મિલ સાથે તેમને શાળામાંથી જ ગાઢ મિત્રતા બંધાઈ ગઈ હતી. રામપ્રસાદ કટ્ટર આર્યસમાજી તો અશફાક કટ્ટર મુસલમાન હહ તા. રામપ્રસાદની સંઘટનાના અશફાક સદસ્ય બન્યા. તેમની નિશાનેબાજીની પ્રવીણતાને લીધે રામપ્રસાદે તેમનો ગુપ્ત સંઘટનાના પ્રહાર વિભાગમાં સમાવેશ કર્યો. કાકોરીની પ્રસિધ્ધ લૂંટ બાદ અશફાક ભૂમિગત થયા. તે દિવસ સપ્ટેમ્બર ૨૬, ૧૯૨૫નો હતો. તેઓ હિંદુ વેશમાં જ નેપાળ



માં ગયા હતા. ત્યાંથી કાનપુર, બનારસમા રહ્યા બાદ બિહાર, રાજસ્થાન થઈને મધ્યપ્રદેશમાં આવ્યા. ભોપાલમાં




વાસ્તવ્ય વખતે ભારત છોડીને રશિયા જવાનો સંકલ્પ કર્યો. તે માટે દિલ્હીમાં દાખલ થયા. દિલ્હીમાં ચિતળી કબર નજીક એક ભાડાના ઘરમાં તેઓ રહેતા હતા ત્યારે તેમને એક મિત્ર મળ્યો, તેની મધ્યસ્થીથી તેઓ રશિયા જવાના હતા. પણ તેણે જ અશફાકને પકડાવ્યા. અશફાકની ધરપકડ થતા બધા રૂઢ સંકેત બાજુએ મૂકી દંડાધિકારી સૈયદ એનુદીન દિલ્હીમાં આવ્યા. દિલ્હીથી લખનૌ.આમ અશફાક સાથેનો પ્રવાસ કરી તેણે મુસલમાન તરીકે માહિત કાઢવવાનો પ્રયત્ન કર્યો. તે જ પ્રમાણે મધ્યવર્તી અન્વેષણ વિભાગનાં અધિકારી તસાદુક હુસેન પણ અશફાકને મળ્યો અને તેને ચેતવતા કહ્યુ, ' તુ મુસલમાન છે અને રામપ્રસાદ બિસ્મિલ હિંદુ છે. તેનો ઉદેશ્ય તો હિંદુ રાજય સ્થાપવાનો છે. તું મુસલમાન હોવા છતા કાફિરો સાથે કેમ ફસાયો? છોડી દે એને! અને અશફાકે તેને જડબાતોડ જવાબ આપ્યો. 'રામપ્રસાદ મારા માટે હિન્દુ નથી, હિન્દુસ્થતાની છે. હિંદુનુ સ્વાતંત્ર્ય તેનુ ધ્યેય નથી તેન ધ્યેય તો હિન્દુસ્તાનના સ્વાતંત્ર્યનું છે. હિન્દુ રાજય હોત તો પણ હુ તેને જ જઈ મળ્યો હોત. કારણ ધારકા અંગ્રજોએ તેમને કેદ કર્યા. તેમના પર કેસ ચલાવી ફૈઝાબાદ જેલમાં ૧૯મી ડિસેમ્બર, ૧૯૨૭ના રોજ તેમને ફાંસી આપી દેવામાં આવી. અને આ દેશભકત દેશભકિતની શાયરી કહેતા કહેતા વીરગતિ પામ્યા.

# કામનો આનંદ



ગટુ ગરીબ છોકરો હતો. ગટુ ગરીબ હતો પાછો આળસુ પણ હતો. નટુ આખો દિવસ ગામમાં નકામાં આંટાફેરા કર્યા કરે. ઘડીક આ દુકાને જાય તો ઘડીક બીજી દુકાને જાય. કોઈ નવરુ ન હોય તો ઘેર જઈ બેઠો ટીવી જોયા કરે.આમ ને આમ બંને મિત્રો મોટા થઈ ગયા. નટુ તો પોતાના પપ્પાનાં ધંધામાં સેટ થઈ ગયો. રવિવાર સિવાય બંને મિત્રો મળી પણ શકતા નહી.

ગટુ તો મોટો થઈ પણ સુધર્યો નહી. કામધંધે તો ફાવે જ નહી. ગરીબ હોતો ને વધારે ગરીબ થતો ગયો.

ગટુની ઉંમરના બધા કામધંધે લાગી ગયા. બટુ ગામમાં એકલો પડી ગયો. એકલા એકલા હવે તેને કંટાળ ો આવવા લાગ્યો. થોડા સમય તેને રખડપટ્ટીમાં મજા આવી. નવરા રહેવાથી તે વધુ કંટાળી ગયો. એક રવિવારે નટુ મળ્યો. ત્યારે તે પોતાના મનની વાત કરતા કહે કે,"મને હવે નવરા રહેવુ ગમતુ નથી.આપણી ઉંમરના કોઈ મિત્રો કામધંધા વગરના નથી. આથી નવરો બેઠો હુ કંટાળી ગયો છું." ગર્ભશ્રીમંત હોવા છતા કામ કરુ છુ. મારે પૈસાની બહુ જરૂર નથી પણ કામ કર્યા વગર આનંદ આવતો નથી. આથી હૃં કામ કરુ છું. એક કહેવત છે. 'નવરો બેઠો નખ્ખોદ વાળે'. ખોટા વિચારોથી બચવુ હોય તો કામ કરવુ જ પડે ! કામ કરવાથી પૈસા સાથે આત્મસંતોષ પણ મળેછે. કામ કર્યાવગર શરીર પણ સાથ નથી આપતુ." નટુ બોલ્યો.

વાતને આગળ વધારતા નટુ કહે કે, " મારે ખરેખર ધંધા માણસોની




જરૂર છે. તું મારો મિત્ર છે અને હવે તને સાચી વાત સમજાઈ છે. આથી હુ તને મારા કારખાનામાં કામે રાખી લઉ છુ. તુ કાલથી જ મારી સાથે શહેરમાં આવજે."

ગટુ હવે ખરેખર સુધરી ગયો. એક મહિમા કામ કર્યુ ત્યાં તેનુ જીવન બદલાઈ ગયુ. કામ સાથે પૈસાની આવક થવા લાગી.

હવે ગટુને સમજાયુ કે, " કામ કર્યા વિનાનો આનંદ ક્ષણિક જ હોય છે. કામ ન કરવુ એ શરીર અને ઈશ્વર બંનેને ગુનેગાર બનાવવાજેવુ છે.'

# સ્થળ અને જળનું અજાયબ પ્રાણી : સીલ



ધ્રુવપ્રદેશના ઠંડા સમુદ્રમાં રહેનારા સીલ માછલી તરીકે વધુ ઓળખાય છે. તે ચામડી વડે જોડાયેલા આંગળાવાળા પગ વડે પાણીમાં તરતું પ્રાણી છે. સીલની લગભગ ૪૦ જેટલી જાત છે. સીલ જમીન અને દરિયામાં રહેનારૂ અજાયબ પ્રાણી છે.

સીલ નાક દ્વારા શ્વાસ લે છે ઈચ્છે ત્યારે શ્વાસ લેવાનું બંધ કરી દે છે. તેના નસકોરા ઉપર ચામડીનું ઢાંકણ હોય છે. ડૂબકી મારે ત્યારે ઢાંકણ બંધ થઈ જાય છે. સીલના લોહીમાં વધુ ઓકિસજન સંગ્રહ થાય છે. પ્રાણીઓ માં સીલના શરીરમાં સૌથી વધુ લોહી હોય છે. ઠંડા પ્રદેશોમાં રહેનારા સીલને શરીર પર વાળ હોતા નથી. પરંતુ ચામડી નીચે ચાર ઈંચ જાડુ સ્નાયુનું પડ હોય છે. તેથી તેના શરીરમાં ગરમી જળવાઈ રહે છે. સીલ બે થી ત્રણ મીટર લાંબી હોય છે. લગભગ ૨૦૦ થી ૩૦૦ કિલો વજનની હોય છે. તેનું મોંગાય જેવું હોય છે. તેના નાક નીચે લાંબી મૂછ હોય છે. મૂછોના વાળ એન્ટેના જેવું કામ કરે છે. સીલ અંધ હોય તો પણ મૂછ વડે શિકાર શોધી શકે છે. સીલની તરવાની ઝડપ માછલી કરતાં વધુ હોય છે. સીલ ડૂબકીમાર છે તે ૧૦૦૦ મીટર ઊંડાઈએ દબાણ સહન કરી શકે છે. અને ૨૦ થી ૩૦ મીનિટ પાણીમાં રહી શકે છે. **–અંકુર મકવાણા ૮(ડી)**

# અમરાપુર શાળાની મુલાકાત લઈ બાળકોને પ્રોત્સાહિત કરતા વેકરિયા



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

અમરાપુરા ખાતે અમરેલી પ્રાથમિક શાળાની આજે ઓચીંતી મુલાકાતે ધારાસભ્ય પહોંચી ગયા હતા. અને ચાલુ શાળાએ ભણતા બાળકી સાથે ચર્ચા કરી તેમજ શિક્ષણ કાર્યની સમીક્ષા કરી હતી. આમ ઓચીંતી મુલાકાતથી શિક્ષણ સ્ટાફ તુરંત ખડે પગે હાજર રહીને શિક્ષણની તમામ વિગત અને શિક્ષણ કાર્યની માહિતી આપી હતી. જયારે ધારાસભ્યે બાળકીને શિક્ષણ વિશેની જાણકારી મેળવી હતી. આમ શાળા સ્ટાફ અને ગામના આગેવાન મનોજભાઈ હપાણી દ્વારા ધારાસભ્યનું સન્માન કરી જરૂરી વિગતો જણાવી હતી. જયારે ધારાસભ્ય કૌશિક વેકરિયા દ્વારા શાળા અને શિક્ષણની જાણકારી મેળવીને જરૂરી માર્ગદર્શન કર્યુ હતુ. આ પ્રસંગે ધારાસભ્ય સાથે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ મનોજભાઈ હપાણી, મનસુખભાઈ બરવાળીયા, વીપુલ કાનપરીયા જોડાયા હતા. જયારેઅમરાપુર પ્રાથમિક શાળાના શિક્ષણની કામગીરીની ધારાસભ્ય સંતોષ વ્યકત કર્યો હતો. લોકોએ આવી ઓચીંતી મુલાકાતને આવકારી હતી. આમ જાગૃત ધારાસભ્યએ અનેક વાર કસોટીની મુલાકાત લેવામાં આવેલ છે. જેથી ઘણી સારી અસર જોવા મળે અને ચોક્કસ હોવાનુ જણાતુ હતુ.

### વીર શહીદ મનિષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા

# અમરેલી ખાતે કારગીલ વિશ્વ દિન નિમિત્તે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અપાઈ

## વિશ્વ હિન્દુ પરિષદનાં આગેવાનો જોડાયા

અમરેલી, તા. ૨૬

૧૯૯૯ના રોજ પાકિસ્તાન દ્વારા કશ્મીરના કારગિલ ક્ષેત્રે કશ્મીર અને લદાખને અગલ પાડવા માટે ના ઈરાદે પાકિસ્તાને ઓપરેશન બદ્રનાં નામે ઘુસપેઠ શરૂ કરી હતી. આ પાકિસ્તાનની આ કાયરતા ભરી ચાલને ભારતીય સેનાએ ઝડબાતોડ જવાબ આપ્યો હતો. આ ૬૦ દિવસ ચાલેલા યુધ્ધનો ૨૬ જુલાઈ ૧૯૯૯ના દિવસે ભારતના વીજય સાથે યુધ્ધ અંત થયો હતો. જેમાં પાકિસ્તાનના હજારો આંતકવાદીઓને ભારતના જાબાજ સેનાએ ઠાર કર્યા હતા.

આ યુધ્ધમાં ભારતના ૫૨૭ વીર જવાનોએ શૌર્ય સાહસ સાજે બલીદાન આપ્યા હતા. તથા ૧૪૦૦થી વધારે જવાનો ઘાયલ થયા હતા.આ



ઓપરેશન વીજયની યાદમાં ૨૬ જુલાઈ કારગિલ વિજય દિવસની ૨૫ મી વર્ષગાંઠ નિમિતે અમરેલી વિશ્વમ હિન્દુ પષિદ તથા વીર શહીદ મનીષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા રાજકમલ ચોક ખાતે અમર જવાન જયોત ખાતે શહીદ વીર જવાનોને પુષ્પાજંલી અપર્ણ કરી વીર જવાનોના બલીદાનને વંદના કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રતાપસિંહ રાઠોડ, ડો. પંકજભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ કાબરીયા, ડી.જી. મહેતા, કરણ વાંજા, મહેશભાઈ જળુ, અશોકભાઈ તનવાણી, પ્રકાશ રાજગોર સહીત સંગઠનના હોદેદારો તથા શહેરના રાષ્ટ્રપ્રેમી જોડાયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **સફાઈ કામદારોએ કર્યો ચક્કાજામ**

પાલિકા કચેરીમાં ભારે સુત્રોચ્ચાર કરીને, બાદમાં નાગનાથ મંદિર ચોકમાં હલ્લાબોલ કરતા ટ્રાફિક જામ થયો હતો. જો કે સીટી પી.આઈ. પરમાર, પી.એસ.આઈ. ઓડેદરા અને પી.એસ.આઈ. મારૂની દરમિયાનગીરી બાદ મામલો શાંત થયો હતો. અને વાહન વ્યવહાર પ્રર્વવત થયો હતો.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૨૩૮ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૨૭૦ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૮૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૫૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૭૨૫ |
| ૬ | તલ કાળા | ૩૧૭૦ | ૩૬૦૫ |
| ૭ | બાજરો | ૪૧૧ | ૪૯૦ |
| ૮ | જુવાર | ૩૯૭ | ૮૧૬ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૭૦ | ૫૯૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૭૬ |
| ૧૧ | મગ | ૧૪૯૫ | ૧૫૭૦ |
| ૧૨ | ચણા | ૧૨૦૪ | ૧૩૨૭ |
| ૧૩ | કપાસ | ૯૭૦ | ૧૫૭૯ |
| ૧૪ | એરંડા | ૧૦૦૦ | ૧૧૪૯ |
| ૧૫ | જીરૂ | ૪૭૧૦ | ૪૭૭૦ |
| ૧૬ | રાયડો | ૯૪૨ | ૯૪૨ |
| ૧૭ | ધાણા | ૮૦૦ | ૧૨૫૫ |
| ૧૮ | મેથી | ૧૦૯૯ | ૧૧૧૫ |

પાના ૮ ઉપરનું ચાલું **બગસરામાં વરસાદથી થયેલ નુકસાનનું**

લઈને ગ્રાહકોને આપો એ અમારો પ્રશ્ન નથી જે બગડી ગયું એ તમારે જોવાનું છે આવા ઊડાઉ જવાબ આપીને સ્થળ તપાસ પણ કરવામાં ના આવી લોકોનાં સ્વાસ્થય સાથે ચેડા કરી રહ્યા છે.

જયારે બીજી તરફ જોઈએ તો અમરેલી રોડ સર્કલ પાસે રોડનું ધોવાણ થયું છે. વધુ પડતું પાણી આવવાના લીધે વાહન વ્યવહાર પણ બંધ થઈ ગયો હતો. ત્યારે આજે બે દિવસ વિતી ગયા છતાં જાણે શહેરની જનતાની કોઈને પડી ના હોય તેમ રોડની બંને બાજુ સાઈડોનું ધોવાણ થયું છે અને મસ મોટા ખાડા બની ગયા છે. ત્યારે આ રોડ ઉપરથી પસાર થતાં વાહન ચાલકો ઉપર અકસ્માતનો ખતરો તોળાઈ રહેલ છે. ત્યારે તંત્ર દ્વારા કોઈ જાનહાની થાય તેની રાહમાં હોય તેમ તપાસના નામે મીંડું.

વધુમાં જોઈએ તો જે વિસ્તારના નદી નાળા છે તે તમામ વિસ્તારોમાં ભરપૂર ઘોડાપૂર આવેલ હતા. આવા અસરગ્રસ્ત વિસ્તારમાં પાણીના લીધે માટીનો કાપ રોડ ઉપર આવી ગયેલ છે. જેના લીધે કાદવ કીચડનું સામ્રાજય સ્થપાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પરંતુ પાલિકા દ્વારા આવા સ્થળોની તપાસ કરવામાં તેમજ સફાઈ કરવામાં ઠાગાઠૈયા કરી રહ્યા છે. ત્યારે ગંદકીના લીધે લોકો ઉપર રોગચાળાનો ખતરો જોવા મળી રહ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું **ધારીનાં જળજીવડીમાં ધોળે દિ'એ**

નામની મહિલાએ વચ્ચે પડતાં દીપડાએ તેમની ઉપર પણ હુમલો કરી હાથ અને પગના ભાગે દીપડાએ ઈજાઓ કરતાં ઘવાયેલા બંને સારવાર માટે પ્રથમ ધારી તથા વધુ સારવાર માટે અત્રેના સરકારી દવાખાને ખસેડાયેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક માસમાં બીજી વખત દીપડાએ કર્યો હુમલા કર્યાનો બનાવ બનવા પામેલ હોય, ત્યારે આ બનાવની વનવિભાગને કરવામાં આવતાં દીપડાને પકડી પાડવા વનવિભાગ જળજીવડી પહોચી કાર્યવાહી હાથ ધરેલ હતી.

ત્યારે ધારી ગીરના જળજીવડી ગામે હુમલાખોર દીપડો ભૂપતભાઈ રબારીના રહેણાંકી મકાનમાં ઘૂસ્યો હતો. જેથી વન વિભાગ દ્વારા ટ્રાંગ્યુંલાઈઝ કરીને દીપડાને બેભાન કરી રેસ્કયું ઓપરેશન કરી દીપડાને પાંજરે પૂર્યો હતો. દીપડો પાંજરે પુરાઈ જતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૨૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૭૧ | ૧૨૫૨ |
| ૩ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૭૭૫ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૮૦ |
| ૫ | તલ કાળા | ૩૨૦૦ | ૩૪૦૦ |
| ૬ | જીરૂ | ૪૫૦૦ | ૪૯૦૦ |
| ૭ | કપાસ | ૧૨૫૦ | ૧૫૨૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ૧૨ | મકાઈ | – | ૬૬૦ |
| ૧૩ | મગ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૧૪ | અડદ | – | ૨૦૦૦ |
| ૧૫ | ચણા | ૧૧૦૦ | ૧૨૮૦ |
| ૧૬ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૩૫ |
| ૧૭ | તુવેર | – | ૨૦૩૫ |
| ૧૮ | એરંડી | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ૧૯ | ધાણા | – | ૧૦૦૮ |
| ૨૦ | સોયાબીન | ૮૦૦ | ૮૨૩ |
| ૨૧ | રાજગરો | – | ૧૮૦૦ |

### ભાજપની ડબલ એન્જિનની સરકારમાં

# જાફરાબાદની જનતા ત્રાહિમામ પોકારી ગઈ છે

## કોંગી અગ્રણી ટીકુભાઈ વરૂનો આક્ષેપ

જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદની જનતા દિવસે અને દિવસે સમસ્યાથી ઘેરાતી જાય છે નાના માણસોના કોઈ કામ થતા નથી જાફરાબાદ તાલુકા પંચાયત હોય કે જાફરાબાદ મામલતદાર કચેરી હોય કે જાફરાબાદ પીજીવીસીએલની કચેરી હોય જાફરાબાદ નગરપાલિકા હોય એક પણ જગ્યાએ નાના માણસોના કામ નથી કોઈને આવાસના નવા મકાન નથી મળતા કોઈનું રેશનકાર્ડ અલગ થયું હોય તો રેશનકાર્ડમાં અનાજ ચાલુ નથી થતું. નવા બીપીએલમાં નામ નથી ચડતા મોટી ઉંમરવાળા લોકોના આધારકાર્ડ નથી નીકળતા ખેડૂતો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન નથી થતું અને આ ભાજપની ડબલ એન્જિનની સરકારમાં ઘણા સમયથી ૨૦ જેટલા સરપંચો ભાજપના પદાધિકારીઓ અધિકારીઓને કર્મચારીની બદલી માટે ધક્કા ખાઈ રહ્યા છે એક પણ જગ્યાએ લોકોના કામ થતા નથી અને જાફરાબાદ તાલુકામાં જનતા એક તરફી સત્તા આપી અને અત્યારે ખૂબ જ મોટા પ્રમાણમાં પસ્તાવો કરી રહી છે અમુક વિસ્તારમાં દિવસેને દિવસે કંપનીઓ વાળા પણ ખેડૂતોને દબાવી રહ્યા છે આ વિસ્તારમાં લોકોનું સાંભળવા વાળા કોઈ આગેવાન રહ્યા નથી અને જનતાનો અવાજ વામળો થઈ રહયો જે કચેરીમાં જાવ ત્યાં અધિકારીઓ હાજર હોતા નથી અને કયા ગયા એમ પૂછીએ તો કહે છે કે એ અધિકારી સરકારી કાર્યક્રમમાં છે આવી રીતે જાફરાબાદ તાલુકામાં ભાજપની ડબલ એન્જિનની સરકારમાં લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે તેમ એક નિવેદનમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપાધ્યક્ષ ટીકુભાઈ વરૂ એ જણાવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું **ખાંભા પંથકમાંથી ગરીબોનાં અનાજનો**

તે પહેલાં મામલતદાર દ્વારા ચોખા ૧૨૩ કટ્ટા, ઘઉં ૧૨ કટ્ટા સાથે અઢી લાખનો રેશનીંગનો જથ્થો જડપાઈ ગયો હતો. જયારે ૨ છકડો રિક્ષા અને ૧ ટ્રક સહિત ૧૦લાખનો મુદ્દામાલ મામલતદારે સીઝ કરી દીધો હતો ને આ સસ્તા અનાજનું કૌભાંડ જૂનાગઢના વિસાવદરના શખ્સ અભજલ ફૈઝલ દ્વારા રેશનીંગનો જથ્થો એકત્રિત કરી બારોબાર વેચાણ કરવાનો પર્દાફાશ કર્યો હતો. ગરીબોના મુખમાંથી કોળિયો છીનવી લેતા શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી ને તમામ ઝડપાયેલો જથ્થો પુરવઠા ગોડાઉનમાં સીઝ કરી દીધો હતો.

તેમજ ખાંભા મામલતદાર અને પુરવઠા વિભાગ દ્વારા ખાંભાના ડેડાણ ગામે પણ દરોડા પાડી વધુ અનાજનો જથ્થો ઝડપી પાડયો હતો અને ડેડાણ ગામે અફઝલ સેલોટના રહેણાંક ઘરમાંથી ૫૫ કટ્ટા ચોખા નો જથ્થો અને ડેડાણ ગામમાંથી એક ટેમ્પામાંથી ૩૫ કટ્ટા જથ્થો ઝડપી પાડયો હતો. બાદ મામલતદાર અને પુરવઠા વિભાગ દ્વારા આ જથ્થો સીઝ કરવાની કવાયત હાથ ધરી હતી.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | સોયાબીન | ૭૯૫ | ૮૨૪ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૩૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૨ | ચણા | ૧૨૨૦ | ૧૨૬૫ |
| ૩ | શીંગ ફાડા | ૧૪૫૫ | ૧૪૫૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૨ | ૫૨૬ |
| ૫ | સોયાબીન | ૭૯૦ | ૮૦૮ |
| ૬ | તલ સફેદ | ૧૬૪૦ | ૨૪૬૩ |
| ૭ | શીંગદાણા | ૧૫૮૫ | ૧૫૯૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૫ |
| ૯ | મગ | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૧૧ | મગફળી | ૧૦૦૦ | ૧૧૭૧ |
| ૧૨ | તુવેર | ૧૨૬૦ | ૧૯૦૦ |
| ૧૩ | મેથી | ૯૨૦ | ૯૨૦ |
| ૧૪ | અડદ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૧૫ | એરંડી | ૧૦૪૦ | ૧૦૪૦ |

પાના ૧ ઉપરનું ચાલું **ખાંભાનાં ત્રાકુડા ગામે**

પરિણીતા તથા તેણીના પતિ ઘનશ્યામભાઈ તથા જેઠ ધીરૂભાઈ તથા સસરા કમાભાઈને આરોપીએ ગાળો આપી પરિણીતાને મારી, ગાળો આપી ડાબા હાથમાં ઉજરડા કરી ત્રણેય આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો સામા પક્ષે આ જ બનાવમાં સામાવાળા કમાભાઈ માલાભાઈ વિંઝુડાએ ભીમાભાઈ પીઠાભાઈ પરમારના ભાઈ મધુભાઈ સાથે અગાઉ બોલાચાલી કરેલ હોય જેમા સામસામી અરજીઓ કરેલ હોય. જે બાબતે મનદુઃખ રાખી આરોપીએ ભીમાભાઈ પાસે પૈસા માંગી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી જતો રહેલ. બાદ આરોપી ઘનશ્યામભાઈ કમાભાઈ વિંઝુડા, ધીરૂભાઈ કમાભાઈ વિંઝુડા તથા મમતાબેન ઘનશ્યાભાઈ વિંઝુડાએ ભીમાભાઈને જેમ ફાવે તેમ ગાળો આપી આરોપીએ કાઠલો પકડી ફાડી નાખી મુંઢ માર મારી ભીમાભાઈના પત્નિ રેખાબેન વચ્ચે પડતા તેણીને જમણી આંખે ઈજા થયેલ તેમજ દેવાભાઈ પીઠાભાઈ પરમાર વચ્ચે પડતા આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાઈ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૪૫૧ | ૨૪૫૧ |
| ૨ | તલ કાળા | ૨૭૭૦ | ૨૭૭૦ |
| ૩ | કપાસ | ૮૦૦ | ૧૨૫૧ |
| ૪ | બાજરો | ૪૦૩ | ૫૩૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૬૦ |
| ૬ | જુવાર | ૪૧૧ | ૮૪૦ |
| ૭ | મગ | ૧૫૫૧ | ૧૬૭૦ |
| ૮ | મઠ | ૧૩૫૧ | ૧૩૫૧ |

# અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં કારગીલ વિજય દિવસની ઉજવણી કરાઈ



અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તથા જ્ઞાનશકિત રેસીડેન્સ સ્કૂલ ઓફ એકસીલેન્સ તેમજ જિલ્લા કક્ષા સ્પોર્ટ સ્કૂલનાં વિદ્યાર્થીઓને કારગીલ વિજય દિવસ નિમિતે ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી માહિતગાર કરવામાં આવ્યા. તેમજથ શહીદોના સ્મારક તરીકે કારગિલ ગાર્ડન બનાવવામાં આવ્યુ. વિદ્યાર્થીઓને ઓપરેશન વિજય વિશે પ્રોજેકટના માધ્યમથી શહીદોના શૌર્ય પરાક્રમ અને સમર્પણનો ભાવ વિશે માહિતગાર કર્યા આ યુદ્ધ સિયાચીનકે જે વિશ્વનું સૌથી ઉચુ અને આકુ યુદ્ધક્ષેત્ર છે. ત્યાં ભારતના જાબાજ સૈનિકો માઈનસ ૨૦–૨૫ ડિગ્રી તાપમાનમાં પણ સરહદની રખેવાળ કરતા આવ્યા છે. તે જગ્યા પર લડવામાં આવ્યુ હતુ. ભારતીય સૈન્યએ પોણા ત્રણ મહિના યુદ્ધ પછી જીત હાંસલ કરી ભારતીય સૈન્યની આ વીરતા માટઢે વિશ્વભરમાં જાણીતુ છે. યુદ્ધમાં પણ કેવી અને કેટલી નૈતિકતા જાળવી શકાય એનુ ઉત્તમ ઉદાહરણએ વખતે ભારતીય સેનાએ જગતને આપ્યુ. આ યુદ્ધમાં વીર શહીદોને યાદ કરી તેમની યાદગીરી રૂપે સ્ટાફ દ્વારા વૃક્ષો–રોપણ કરી તે બગીચાને કારગિલ ગાર્ડનનું નામકરણ કરવામાં આવ્યુ. આ તકે ઉપસ્થિ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, પ્રિન્સિપાલઓ અને સ્ટાફને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ જણાવ્યુ હતુ કે રાજય અને રાષ્ટ્રમાટે બાળકો સમાજને ઉપયોગી થાય અને એક શ્રેષ્ઠ નાગરિક બનેતે માટે સંસ્થા હર હંમેશા કટિબદ્ધ છે, તેમજ કારગિલ વિજય દિવસની દરેકને શુભેછા પાઠવી.

### પ્રધાનમંત્રી અને નાણામંત્રીનો આભાર માનીને

# અમરેલીનાં સુવર્ણકાર સંઘે સોનાની આયાત ડયુટીનાં ઘટાડાને આવકાર્યો

## ધંધા-ઉદ્યોગ સરળતાથી થાય તેવા પગલા જરૂરી

અમરેલી, તા. ૨૬

અમરેલી સુવર્ણકાર સંઘ ચાલુ વર્ષ ના બજેટમાં સોના ચાંદી ની આયાત ડ્યુટી માં ૪% નો ઘટાડો કરવામાં આવેલ છે તે બદલ નાણામંત્રી નિર્મલા સીતારમણ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નો અને તેઓની સમગ્ર ટીમનો આભાર વ્યકત કરેલ છે. ૨૦૨૪-૨૦૨૫ ના બજેટ માં સોના ચાંદી આયાત કરવાની કસ્ટમ ડ્યુટીચાર ટકા ઘટાડવાની જાહેરાત જે કરવામાં આવેલ છે તે સોના ચાંદીના વેપાર ઉદ્યોગ માટે ધણી જ આવકારદાયક જાહેરાત છે વેપાર જગત ની ધણી લાંબા સમયની દસ્કા જુની કાયદેસર ના વેપાર ને પ્રોત્સાહન આપનારી વ્યાજબી કસ્ટમ ડ્યુટી ની નીતિ કરવાનો જાહેરાત થી સ્વીકાર થયેલ છે. સોના ચાંદીની આયાત ડ્યુટીમાં ચાર ટકા નો ઘટાડો કરવાથી ઘર આંગણે સોના ચાંદીના આયાતમાં કાયદેસર વધારો થશે પરંતુ સાથે સાથે જવેલરી નિકાસમાં પણ પોલીસીના કારણે ઘણો બધો ફાયદો થવાથી વિદેશથી હુંડીયામણની અનામત ને કોઈ નકારાત્મક અસર નહિ થાય પરંતુ હકારાત્મક રીતે રેવન્યુ તથા વિદેશી હુંડીયામણમાં પણ વધારો જોવા મળી શકે આજ રીતે વેપાર ઉદ્યોગ ને રેગ્યુલેટર કરતા નિયમોના સરળીકરણ કરી EASE OF DOING BUSINESS પોલીસી ને પ્રોત્સાહન આપવાની ખાસ જરૂરિયાત છે. ટુંક માં વેપાર ઉદ્યોગ જગતને વિસ આધારીત અને પ્રોત્સાહન કરનારી વ્યાજબી કરવેરાના દરનું માળખુ તેમજ બીઝનેસને રેગ્યુલેટર કરતા નિયમો ના સરળીકરણ થી અર્થતંત્રને વેગ મળે છે. આ પ્રકાર ની પોલીસી થી કાયદેસર ના વેપાર ને પ્રોત્સાહન મળે છે.અને કરવેરા ને લગતા કાયદા ઓ અને બીઝનેસને રેગ્યુલેટર કરતા કાયદાઓનુ સ્વેછીક રીતે નાગરિકો તેમજ વેપાર જગત દ્વારા ૧૦૦ ટકા પાલન થાય છે. જયારે ઉંચા કરવેરા ના દર અને કરવેરાની આકરી આકરણી પપ્રધતિઅને બીઝનેસે રેગ્યુલેટર કરતા બજાર ની પરિસ્થિતિ થી વિરૂધ્ધ અવાસ્તવિક અને બિન વ્યવહારૂ નિયંત્રણ થી ગેર કાયદેસર વેપાર અને વહીવટી ભ્રષ્ટાચાર નું પ્રમાણ વધે છે.સરકાર દ્વારા દરેક ક્ષેત્ર માં આ બાબતે જરૂરી ફેરફાર કરવામાં આવે તેવી દરેક ઉદ્યોગ અને વેપાર જગત ની માંગણીઓનો સરકાર દ્વારા આ જ રીતે સ્વીકારવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

### માર્ગને પહોળો બનાવી કાર્યરત કરવો જરૂરી

# બાબાપુરથી તરવડા તરફ જતો વર્ષો જુના માર્ગને પુન : શરૂ કરવા માંગ

## સર્વોદય આશ્રમમાં જવામાં ભારે પરેશાની

બાબાપુર, તા. ૨૬

અમરેલીનાં બાબાપુર ગામે આવેલ સર્વોદય આશ્રમથી તરવડા તરફ જતાં આઝાદી કાળથી કાર્યરત માર્ગ બંધ થઈ જતાં ગામજનોએ માર્ગને પહોળો કરી પુનઃ કાર્યરત કરવા માંગ કરેલ છે.

બાબાપુર સહિતનાં આજુબાજુનાં ગામો માટે અતિ ઉપયોગી માર્ગને બંધ કરી દેવામાં આવેલ. વર્ષો પહેલા ધારી તરફ જતી એસ.ટી. બસ પણ આ માર્ગ પરથી ચાલતી હતી તેવું ગામજનો જણાવી રહ્યાં છે.



તસ્વીર : હસમુખ રાવળ-બાબાપુર

# અમરેલી જીલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૬

અમરેલી જીલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની જુલાઈ માસની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કેશિકભાઈ વેકરિયા, સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારી-બગસરા-ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી.કાકડીયા અને લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના પ્રજાકીય પ્રશ્નોની રજૂઆત સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રશ્નોને સત્વરે ઉકેલવા માટે જીલ્લા કલેકટરએ સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન સાથે સૂચનાઓ આપી હતી. અમરેલી જીલ્લા કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં સમસ્યાઓનો યોગ્ય રીતે નિકાલ થાય તે માટે સંબંધિત કચેરીના વડા સાથે સંકલન કરવામાં આવ્યું હતું. પેન્ડિંગ પ્રશ્નોનું યોગ્ય સકારાત્મક નિરાકરણ લાવવા માટે જીલ્લા કલેકટરએ સૂચના આપી હતી. નિવાસી અધિક કલેકટરએ વિવિધ કચેરીના અવેઈટ પેપર્સ, પેન્શન કેસ, નાગરિક અધિકારી પત્ર, માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગતની બાકી રહેતી અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ કરવાની સૂચના આપી હતી. ખાસ કરીને જીલ્લાના સાંસદ અને ધારાસભ્યઓ તરફથી મળતા પત્રોના સમયમર્યાદામાં અને યોગ્ય જવાબો આપવા માટે સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકની સાથે જીલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. સસ્તા અનાજની દુકાનના વ્યાજબી અંતરે સ્થળ બદલવા માટે આવેલી અરજીઓને મંજૂરી આ બેઠકમાં આપવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા હિમકરસિંઘ, પ્રાંત અધિકારીઓ ઉપરાંત વિવિધ કચેરીઓના અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે કર્યુ હતુ.

### તા.૧૨ ઓગસ્ટ સુધીમાં અરજી કરવી

# જિલ્લા કક્ષા બાળ તથા નૃત્ય નાટિકા સ્પર્ધાનું આયોજન

## ૭થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં બાળ નાટય તથા નૃત્ય નાટિકા સ્પર્ધાનું આયોજન થશે. જિલ્લા કક્ષાની આ સ્પર્ધાઓમાં ૭ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સંસ્થાઓ કે પ્રાથમિક શાળાઓએ તા.૧૨/૦૮/૨૦૨૪ સુધીમાં અરજી કરવી.

રમત ગમત યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની કમિશ્નર યુવક સેવા અને સંસ્કૃતિ પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમરેલી દ્વારા આગામી સમયમાં જિલ્લા કક્ષાએ બાળ નાટય તથા નૃત્ય નાટિકા સ્પર્ધાનું આયોજન થશે. જેમાં ૭ વર્ષથી ૧૩ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે.

ઉપરોક્ત સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સંસ્થા કે પ્રાથમિક શાળાઓએ તા.૧૨-૦૮-૨૦૨૪ સુધીમાં પોતાની એન્ટ્રી (પ્રવેશ ફોર્મ) જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી બહુમાળી ભવન, પ્રથમ માળ, બ્લોક-સી, રૂમ નં ૧૧૦/૧૧૧, અમરેલી ખાતે રૂબરૂ પહોંચતી કરવી. એન્ટ્રી કરનાર સંસ્થાના સંચાલકને સ્પર્ધાના વિગતવાર કાર્યક્રમ વિશે જાણ કરવામાં આવશે. વધુ માહિતી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૬૩૦ પથી મેળવી શકાશે, તેમ અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યુંછે.

### જિલ્લાની બાળ પ્રતિભાને ખીલવાની તક મળશે

# અમરેલી જિલ્લામાં સાંસ્કૃતિક વારસા અને સર્જનાત્મકતાને ઉજાગર કરતી ૧૩ સ્પર્ધાઓ યોજાશે

## ૭થી ૧૩ વર્ષની વય જૂથના બાળકો ભાગ લઈ શકશે : તા.૧૨ ઓગસ્ટ સુધીમાં અરજી કરવી

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં સાંસ્કૃતિક વારસા અને સર્જનાત્મકતાને ઉજાગર કરતી ૧૩ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધાઓમાં ૭ થી ૧૩ વર્ષની વય જૂથનાં બાળકો ભાગ લઈ શકશે. તા.૧૨ ઓગસ્ટ સુધીમાં અરજી કરવી.

રમત ગમત યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર, યુવક સેવા અને સંસ્કૃતિ પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરના ઉપક્રમે યોજાતા જિલ્લા, ઝોન, રાજયકક્ષા બાળપ્રતિભા શોધ સ્પર્ધાઓ પૈકી આ વર્ષે અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા આગામી સમયમાં ૧૩ સ્પર્ધાઓનું આયોજન થશે.

આ સ્પર્ધાઓમાં ''અ'' વિભાગમાં ૭ થી ૧૦ વર્ષ સુધીના બાળકો માટે વકૃત્વ, નિબંધ, સર્જનાત્મક કારીગરી, ચિત્રકલા, લગ્નગીત, લોકવાદ્ય સંગીત અને એક પાત્રીય અભિનય, ''બ'' વિભાગમાં ૧૦ વર્ષ થી ૧૩ વર્ષ સુધીનાં બાળકો માટે વકૃત્વ, નિબંધ, સર્જનાત્મક કારીગરી, ચિત્રકલા, લગ્નગીત, લોકવાદ્ય સંગીત, એક પાત્રીય અભિનય તેમજ ઓપન વિભાગમાં ૭ થી ૧૩ વર્ષના બાળકો માટે દોહા, છંદ, લોકવાર્તા, લોકગીત, ભજન, સમુહગીત, લોકનૃત્ય, જેવી સ્પર્ધાઓ યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થા કે પ્રાથમિક શાળાઓએ તા.૧૨/૦૮/૨૦૨૪ સુધીમાં પોતાની એન્ટ્રી (પ્રવેશ ફોર્મ) જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી બહુમાળી ભવન, પ્રથમ માળ, બ્લોક-સી, રૂમ નં ૧૧૦/૧૧૧, અમરેલી ખાતે ઢબઢ પહોંચતી કરવી. એન્ટ્રી કરનાર સંસ્થાના સંચાલકને સ્પર્ધાના વિગતવાર કાર્યક્રમની જાણ કરવામાં આવશે. વધુ માહિતી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૬૩૦ પરથી મેળવી શકાશે. તેમ અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી જિલ્લાની આ.ટી.આઈ ખાતે પ્રવેશ મેળવવા માટે પ્રક્રિયા શરૂ

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લાની તમામ ૧૨ આઈ.ટી.આઈ ખાતે સત્ર ૨૦૨૪ માટે પ્રવેશ મેળવવા બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયાની પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ધો.૮ અને ધો.૧૦ પાસ ઉમેદવારોએ તા.૨૭/૭/૨૦૨૪ થી તા.૦૨/૦૮/૨૦૨૪ સુધી ઓનલાઈન અર કરવી. જિલ્લાની કોપણ આઈ.ટી.આઈનો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.જિલ્લામાં અમરેલી, લાઠી, લીલીયા, બાબરા, બગસરા, ધારી, કુંકાવાવ, વડિયા,સાવરકુંડલા, ખાંભા, રાજુલા, જાફરાબાદ ખાતે આઈ.ટી.આઈ છે. ઉમેદવારો સરળતાથી પ્રવેશ ફોર્મ ભરી શકે તે માટે આ આઈ.ટી.આઈ ખાતે હેલ્પ સેન્ટરની સુવિધા પણ છે. તમે અમરેલી આઈ.ટી.આઈ. આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

### ''તા. ૫ ઓગસ્ટથી તા. ૧૫ મી ઓગસ્ટ સુધી દશામાનું વ્રત

# દશામાંના વ્રત દરમ્યાન ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા વિજ્ઞાન જાથાની અપીલ

## વિજ્ઞાનના કારણે અવતારો, ચમત્કારો, પચ્ચા બંધ થયા... ચેરમેન જયંત પંડયા



અમદાવાદ તા. ૨૬

આપણા દેશમાં છેલ્લા કેટલાંક વર્ષોથી શ્રાવણ માસની એકક થી દસમ સુધી તથા આ વર્ષે તા. ૫ મી ઓગસ્ટથી ૧૫ મી ઓગસ્ટ સુધી આરાધ્ય દેવી દશામાંના વ્રતનો પ્રારંભ, પુજન, અર્ચન મહિમા અનેક રીતે ઉજવણી પ્રદેશ પ્રમાણે કરવામાં આવે છે. દશામાંના વ્રતનું ગૌરવ, ધાર્મિક અનુસરણ પ્રમાણે વિધિ - વિધાન થાય, ઉજવણી શ્રદ્ધા પ્રમાણે થાય તેનો કદી પણ વિરોધ હોય શકે હીં. સૌને આદર, વંદન માતાજી તરફ હોય તે સ્વાભાવિક છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાંના વ્રત દરમ્યાન અકુ લેભાગુઓ, ભુવા-ભરાડી, ભૂઈમા તક સાધુઓ, ચમત્કારિકો શ્રદ્ધાના માહોલમાં યુકિત, પ્રયુકિત, ચમત્કારો કરી છેતરપિંડી કરે છે. તેનો વર્ષોનો અનુભવહોય ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી સખ્ત શબ્દોમાં વખોડી વિરોધ કરી ધૂણતી ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા અપીલ કરવામાં આવી છે.

જાથાના ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે સોમવારથી દશામાના વ્રતનો પ્રારંભ થાય છે. દેશમાં શ્રદ્ધાપૂર્વક ધાર્મિક ઉત્સવ ઉજવવો સૌ નાગરિકોને અબાધિત અધિકાર છે. વ્રતના સ્થાપન -પુર્ણાહુતિએ શ્રધાળુઓએ આરોગ્ય ની જાળવણી રાખવી સૌના હિતમાં છે. કહેવાતા ચમત્કારો - પરચાઓ વિજ્ઞાનને કારણે ગાયબ થઈ ગયા છે. સાદગીથી પોતાના ઘરમાં જ ઉજવણી થાય તે જરૂરી છે. વર્ષોની છે. વર્ષોની લોકજાગૃતિના કારણે દશામાંની ભૂઈમાના પરચા ઓસરતા થઈને હવે નહિંવત જોવા મળે છે. તેમાં જાથા વિવેકથી કામગીરી કરે છે. તા. ૧૫ મી ઓગસ્ટે જાગરણના દિવસે મૂર્તિના વિસર્જન સ્થળે પૂજન-અર્ચન કરેલ દશામાંની મૂર્તિની અવદશા દયનીય જોવા મળે છે. તેમાં ફેરફાર કરવો અભિ જરૂરી છે. પીવાનચા પાણીમાં કદી પણ મૂર્તિનું વિસર્જન કરવું નહિ.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે વિજ્ઞાનના કારણે પૃથ્વી ઉપર અવતારો-ચમત્કારો-પરચાઓ બંધ થઈ ગયા છે. દશામાંની ભૂઈના પરચા બેબુનિયાદ સાબિત થયા છે. છતાં પણ જાથા દર વર્ષે દશામાંના વ્રત સમયે શ્રદ્ધાળુઓ છેતરાય નહિ તે માટે લોકજાગૃતિનું કામ કરે છે. વર્ષોના અભિયાન પછી મહદ અંશે સફળતા જોવા મળેલ છે. ઉન્માદમાં ઓટ જરૂરી આવી છે. દશામાંના વ્રતના અભિયાનના જાથાના ૨૨ માં વર્ષે જાગૃતિ લાવવા જનસમાજ સમક્ષ હકિકત મુકે છે તેમાં વ્રત દરમ્યાન ૨૭૨૦ મહિલાઓ ધૂણતી નજરે પડી હતી તેમાંથી છેતરપિંડી કરતી ૮૦૫ ભૂઈમાઓનો પર્દાફાશ કરી ચોંકાવનારી હકિકત બહાર આવી હતી. આ વ્રતના ચાલાકા ભૂઈમાનો છેતરપિંડીનો ધંધો થઈ ગયો છે. તેથી જાથા વિરોધ કરે છે. દશામાંના ભકતો-શ્રદ્ધાળુઓએ આ વ્રત દરમ્યાન જાગૃતિ રાખવાનો સમય પાકી ગયો છે. દશામાના વ્રત દરમ્યાન ઢોંગી, અમુક ભૂઈમા-ભુવા, લેભાગુઓ, તકસાધુઓ હાથ-પગ, મોંમાથી કંકુ કાઢવું-નીકળવું કંકુના પગલા, મૂર્તિ-સાંઢણીનું દૂધ પાણી પીવું, જમીનમાંથી એકાએક મૂર્તિ નીકળવી, ફળ, શાકભાજીમાં દેવ-દેવીના દર્શન થવા તેવા અવનવા ગતકડાના ચમત્કારોનું પ્રભાવિત ન થવા કે અફવામાં દોરાવું નહિ તેવી જાથા અપીલ કરે છે.

જયંત પંડયા જણાવ્યું કે આ વ્રત દરમ્યાન બનાવટી, આતાર્કિક, ચમત્કારિક યુટયુબ ઉપર થતી ચમત્કારિક કથાઓ અને વાર્તાઓ પત્રિકાઓ, પુસ્તિકાઓ, ફિલ્મો હેતુપૂર્વક બહાર પાડી દર્શાવીને ભ્રમીત કરીને પ્રચાર અને વેચાણ કરવામાં આવે છે. વાસ્તવમાં દશામાંના નામે છેતરપિંડી જ છે. શ્રદ્ધાના માહોલમાં છેતરપિંડીનું કારસ્તાન છે. દેશભરમાં શ્રાવણ માસથી કાર્તિક માસ સુધી અવનવા ભ્રામક ચમત્કારોનું સર્જન કરી લૂંટ કરવામાં આવે છે. જાથાએ નજરે જોયું છે કે ગામના કે સ્થાનિક રહેવાસીઓ જાગૃતિ રાખી પોલીસ કે સરકારી તંત્રની મદદથી અટકાવી સત્ય હકિકત નાગરિક ધર્મની રૂએ મુકી શકે છે. દશામાનું વ્રત ઉજવવો, ધાર્મિક લાગણી રાખવી સૌનો હકક છે. માતાજી હંમેશા વંદનીય હોય પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાંના વ્રતે જે હરણફાળ પ્રગતિ ચમત્કારના નામે અને યુકિત-પ્રયુકિતના કારણે કરી છે તેનો વિરોધ છે. અમુક કથાવસ્તુ તો સાવ બોગસ, નિરાધાર, તર્કટ, બીનપાયાદર કપોળકલ્પિત મનસ્વી મનની ઉપજથી બનાવવામાં આવેલી છે તે ભોળા, શ્રદ્ધાળુઓ ખોટું અનુસરણ કરવાથી બરબાદીને નોતરે છે તેથી સાવધાન રહેવા જાથા અપીલ કરે છે.

વિશેષમાં જયંત પંડયા જણાવ્યું છે કે દશામાના વ્રત દરમ્યાન દેશભરમાં કરોડોનો કારોબાર જોવા મળે છે. બનાવટી, છેતરપિંડી કારોબારનો સદૈવ જાથા વિરોધ કરે છે. અજ્ઞાન, અશિક્ષિત, ભોળા, ગરીબ લોકો જ ભોગ બને છે. દશ દિવસ સુધી દશામાનું વ્રત કરનાર પરિવાર અસ્તવ્યસ્ત થઈ જાય છે. દૈનિક જીવનપદ્ધતિ ખોરવાઈ જાય છે. બાળકોનું શિક્ષણ બગડે છે. પરિવારમાં અશાંતિઓ માહોલ જોવા મળે છે. અમુક પરિવાર વ્રત દરમ્યાન જાથાની મદદ માંગે છે. છેલ્લા ૩૨ વર્ષમાં જાથાએ ધૂણતી એનક ભૂઈમા, ઢોંગી મહિલાઓને પછવાથી કે તપાસવાથી એકપણ સાચી નીકળી નથી તમામ ખોટી સાબિત થઈ છે. છેલ્લા વર્ષોમાં દશામાના વ્રત દરમ્યાન ભૂઈમાનો પતિ જ જાથાને રજૂઆત કરી પર્દાફાશનો આગ્રહ રાખે છે. અમુત પતિ તો પોતાને ધૂણીને ધબ્બો મારી માર મારે છે. તેના ત્રાસની હકિકતથી જાથાને વાકેફ કરે છે. ધાર્મિકતાના કારણે લોકો મૌન રહેવાનું પસંદ કરે છે. વ્રત દરમ્યાન ભૂઈમા પોતાની શેરી, ઘર આસપાસ રહીશોને બેહદ ત્રાસ આપી ઢોલ-નગારા, ધૂપ-ધુમાડા ઘોંઘાટ, ધુણવું, અબીલ-ગુલાલ ઉડાડવો, માનસિક ત્રાસ આપી હેરાન કરતા હોવાની હકિકત જાથાને આપવામાં આવે છે. જેથી લોકોએ સ્વયંભુ વિરોધ કરી પરિસ્થિતિ પ્રમાણે કાયદાનું અનુસરણ કરવું જોઈએ. રજૂઆત સાચી હોય તો પોલીસ તંત્ર વાસ્તવમાં નાગરિકને મદદરૂપ થાય છે.

જયંત પંડયા જણાવે છે કે દશામાંના વ્રતની સમાપ્તિ-પુર્ણાહુતિએ માતાજીની મૂર્તિઓ પીવાના પાણીમાં પધરાવી નહિ. પીવાના ડેમ, ચેક ડેમ, નદી-નાળામાં મૂર્તિઓ પધરાવવાથી પાણી પ્રદુષિત થશે. પાણીજન્ય રોગનો ભોગ લોકો ન બને તે માટે મૂર્તિઓને ખાસ જગ્યાએ પધરાવવા જાથા અનુરોધ કરે છે. છેલ્લા કેટલાક વર્ષથી જાથાના પ્રયાસથી દશામાની ભૂઈમાઓએ ધૂણવાનું સ્વયંભુ બંધ કરી ત્રાસ આપે છે.

રાજયમાં જીલ્લા મથકોએ કાર્યવાહક સમિતિ બનાવી છે તે વ્રતના દશ દિવસ સુધી ઢોંગી ભૂઈ-ભૂવા, લેભાગુઓ ઉપર નજર રાખશે. છેતરપિંડીના પુરાવા અને ફરિયાદીની મદદથી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે. સ્થાનિક લોકોએ સાક્ષી-પુરાવામાં મદદરૂપ થવું પડશે. જાથા તટસ્થ ન્યાયસુસંગત જ કાર્યવાહી ખરાઈ કરીને જ કરશે. અમુક કિસ્સામાં જાથાની જાણ બહાર કે સંસ્થાનું નામ લઈ વ્રત દરમ્યાન કોઈ વિક્ષેપ કરતું નથી. જાથા કદી કોઈની લાગણી દુભવાતું નથી. જાથાના નામે ફોન, રૂબરૂ કે મોબાઈલ આવે તો ખરાઈ કરવા અપીલ કરવામાં આવે છે. અમુક હિતશત્રુઓ જાથાને બદનામ કરવા જે પ્રયાસો કરે છે. તેને વખોડવામાં આવે છે.

રાજયમાં સોમવારથી વ્રતની શરૂઆત હોય જીલ્લા રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મેહસાણા, પાટણ, પાલનપુર, ખેડા, આણંદ, નડિયાદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વાપી, રાજપીપળા, હિંમતનગર, છોટાઉદેપુર, મોડાસા, દાહોદ, પંચમહાલ, મહિસાગર, કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી, બોટાદ, ભાવનગર, ગિર સોમનાથ, જુનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, જીલ્લા-તાલુકા મથકોએ કાર્યવાહક કમિટી બનાવી છે. તેને વડી કચેરી તપાસ કરીને જ સ્થળ ઉપર ઢોંગી ભૂઈના પાસે મોકલવામાં આવશે. ધાર્મિક વ્રતમાં કોઈપણ પ્રકારનો જાથા વિક્ષેપ કરતું નથી. શ્રદ્ધાળુઓની લાગણીને ધ્યાનમાં રાખવામાં આવે છે.જાથાના સદસ્યો નાથાભાઈ પીપળીયા, પ્રમોદભાઈ પંડયા, દિનેશભાઈ હુંબલ, નિર્મળ મેત્રા, નિર્ભય જોશી, વિનોદભાઈ વામજા, રાજુભાઈ યાદવ, ભકિતબેન રાજગોર, ભાનુબેન ગોહિલ, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, હર્ષાબેન પંડયા અને શાખાઓના કાર્યકરો સંકલન કરો શ્રધ્ધાની આડમાં છેતરાય નહિ તે સંબંધી જાગૃતિ કેળવવાના છે.

રાજયમાં દશામાના વ્રત દરમ્યાન ધૂણિને ઢોંગ કરતી ભ્રામક પ્રચાર કરતી ભૂઈમાઓ વિશે માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી જિલ્લા ભાજપ અને યુવા મોરચા દ્વારા કારગીલ વિશ્વ દિવસની ઉજવણી



કારગીલ વિજય દિવસ (તા.૨૬ જુલાઈ) સમગ્ર દેશમાં માટે ગૌરવનો દિવસ છે. લગભગ ૩ મહિના સુધી ચાલેલા ભારત-પાકિસ્તાન કારગીલ યુદ્ધ દરમિયાન આપણા બહાદુર સૈનિકોએ ૨૬ જુલાઈ, ૧૯૯૯ના રોજ કારગીલમાં વિજય મેળવ્યો હતો. દેશભકિત, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સંકલ્પરૂપે ભારતીય જનતા પાર્ટી દ્વારા આ દિવસને વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવે છે આ વર્ષે કારગીલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ છે. તો અમરેલી જિલ્લા ભારતીય જનતા પાટી દ્વારા કારગીલ વિજય સભાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સભાની શરૂઆત '' કારગીલ વિજય દિવસ ની પૂર્વ સંધ્યાએ યોજાયેલ ભવ્ય મશાલ યાત્રામાં પ્રજવ્વાલિત કરેલ ''વિજય જયોત'' ના પૂજન દ્વારા કરાવામાં આવેલ. આ સભામાં મુખ્ય વકતા તારીખે ભારતીય જનતા પાર્ટીના પૂર્વ અધ્યક્ષ આર.સી.ફળદુ દ્વારા તાત્કાલીન વડાપ્રધાન સ્વ.આટલજીની દેશભકિતને યાદ કરી કારગીલ યુદ્ધ દરમિયાન ભારતે એક પણ ઈંચ જમીન ગુમાવી નથી અને યુદ્ધ દરમ્યાન શહીદ થયેલ સૈનિકોને શ્રધ્ધાંજલિલ આપી હતી. તેમજ આ કાર્યક્રમમાં બાળ કલાકાર પર્વ મકવાણા દ્વારા કાલી ઘેલી ભાષામાં દેશભકિતની વાતો કરી અને સુર સાધના મ્યુજીલ ગ્રૃપ દ્વારા દેશ ભકિતના ગીતો સાથે આખી સભામાં દેશ ભકિત મય વાતાવરણ ઉભુ થયુ હતુ. તે ઉપરાંત અમરેલી જિલ્લામાં રહેતા પૂર્વ સૈનિકોનું શાલ અને હાર દ્વારા સન્માન કરવામાં આવ્યુ. આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારાસભ્ય જે.વી. કાકડીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, પીઠાભાઈ નકુમ, મેહુલભાઈ ધોરાજીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ જિલ્લભાજપ પ્રમુખ ડો.ભરતભાઈ કાનાબાર, પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઈ હીરપરા, પ્રદેશ યુવા મોરચાના ઉપપ્રમુખ મનીષભાઈ સંઘાણી, પ્રદેશ મહિલા મોરચાના મંત્રી ભાવનાબેન ગોંડલીયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી પાનસુરીયા તેમજ યુવા મોરચાના હોદેદારો મૌલિક ઉપાધ્યાય, વનરાજ વરૂ, વિરલ પરીખ, યોગેન્દ્ર એપા, કિશન શીલુ તેમન બોહળી સંખ્યામાં કાર્યકર્તા ઓ તેમજ યુવાનો હાજર રહ્યા હતા.

### પદાધિકારીઓ અને અધિકારીઓ અસરગ્રસ્તની મદદે આવતા નથી

# લ્યો બોલો : બગસરામાં વરસાદથી થયેલ નુકસાનનો સર્વે ન થયો

**સસ્તા અનાજની દુકાનોમાં પાણી ઘુસી જતાં દુકાનદારોને વ્યાપક નુકસાન**

**માર્ગ, પુલ સહિતની સરકારી મિલ્કતનું પણ વ્યાપક ધોવાણ છતાં કોઈને કાંઈ પડી નથી**

**ચૂંટણી સમયે હથેળીમાં ચાંદ બતાવનારાઓ જનતાને ખરા સમયે મદદ કરતા નથી**

**જનતાને માત્ર અવનવી ભાષણબાજીમાં ફસાવીને મત મળતા હોવાથી શાસકોને ચિંતા નથી**







તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૬

બગસરામાંબેદિવસપહેલા પડેલ વરસાદના લીધે અનેક સ્થળોએ નુકસાન કરેલ છે. અમુક રોડ તો અમુક રોડનીસાઈડોતોઅમુકપુલતેમજઅનેક દુકાનોજેવીકેસસ્તાઅનાજનીદુકાનોમાં પણ પાણી ભરાઈ જવાથી લોકો સુધી પહોંચાડવામાં આવેલ અનાજ હાલ પોઈઝનનુંરૂપધારણકરીલીધુંહોયતેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જયારે આવા દુકાનદારોદ્વારામામલદારનેઆબાબતે જાણ પણ કરેલી છે કે દુકાનોમાં પાણી ઘુસીગયેલછે.જેનાલીધેતમામઅનાજનો જથ્થો બગડી ગયેલ છે. પરંતુ તંત્ર દ્વારા કહેવામાં આવ્યું કે બજારમાંથી વેચાતું

અનુસંધાન પાના ૬ ઉપર

### રાનીપશુઓની સમસ્યામાં સતત વધારો

## ધારીનાં જળજીવડીમાં ધોળે દિ'એ દીપડાએ યુવક અને મહિલાને ઈજાગ્રસ્ત કરતા ફફડાટ

**એક મહિનામાં બીજી વખત દીપડાનો હુમલો**



અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં ગીરકાંઠા વિસ્તારમાં છેલ્લા કેટલાંય સમયથી સિંહ દીપડા જેવા વન્ય પ્રાણીઓ પાણી અને ખોરાકની શોધમાં ગ્રામ્ય વિસ્તારમાં પહોંચી જઈ અને માનવી તથા દુધાળા પશુઓ ઉપર હુમલા કરવાના બનાવો હવે સામાન્ય બન્યા છે. ત્યારે ધારી તાલુકા ગીરના જળજીવડી ગામે આજે દિવસ દરમ્યાન દીપડાએ ગામમાં આવી એકયુવક અને એક મહિલાને દીપડાએ હુમલો કરી ઈજાગ્રસ્ત કર્યા હતાં.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ ધારી તાલુકા ગીરના જળજીવડી ગામે રહેતા એક યુવાન ઉપર આજે દિવસ દરમ્યાન દીપડાએ ગામમાં આવી એક યુવક ઉપર હુમલો કરતાં તેને બચાવવા માટે તેજ ગામે રહેતા કૈલાસબેન ધીરૂભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

61,350/-

(૧૦ ગ્રામ)

રહેલ તા.૨૬/૦૭/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો

95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


### સફાઈ કાર્યમાં કોન્ટ્રાકટ પ્રથા બંધ કરવા સહિતની માંગ સાથે

## અમરેલીનાં નાગનાથ મંદિર ચોકમાં પાલિકાના સફાઈ કામદારોએ કર્યો ચક્કાજામ

**જો કે સીટી પીઆઈની દરમિયાનગીરી બાદ મામલો શાંત થયો**



અમરેલી, તા. ૨૬

અમરેલી પાલિકાનાં સફાઈ કામદારોસફાઈ કાર્યમાં કોન્ટ્રાકટર પ્રથા બંધકરવા. લઘુતમવેતનઆપવાહંગામી કર્મચારીઓને કાયમી કરવા સહિતની માંગનેલઈનેઆંદોલનચલાવીરહયાછે. દરમિયાનમાંઆજેસફાઈ કામદારોએ

અનુસંધાન પાના ૬ ઉપર





દ્વીતીય પુણ્યતિથિએ

સ્મરણાંજલિ

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી.
પરિશ્રમ જેનો કર્તવ્ય હતો, પરમાર્થ જેની ભક્તિ હતી.



ગૌ. વા. ઠા. ધીરજલાલ પોપટલાલ રૂપારેલ
(પૂજ્ય ધીરૂ બાપા)

માતુશ્રી રમાબેન ધીરજલાલ રૂપારેલ પરિવાર
અનિલ ધીરજલાલ રૂપારેલ - ઉષા અનિલ રૂપારેલ
અખિલ અનિલ રૂપારેલ - મોનીકા અખિલ રૂપારેલ
ખુશી તરંગ પોપટ - તરંગકુમાર હેમંતભાઈ પોપટ
ચિ. કશવી તરંગ પોપટ - ચિ. આર્ના તરંગ પોપટ (યુ.એસ.એ.)
ચિ. ત્રિશા અખિલ રૂપારેલ

A. D. Ruparel & Co. | U. A. Ruparel | Akhil Business Service

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
24/7 Emergency Services

અમદાવાદના કાર્ડિયો - થોરેસિક સર્જન હવે આપણા અમરેલીમાં...

તારીખ : ૨૭/૦૭/૨૦૨૪ શનિવાર
સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦



સ્થળ :
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ

1. પગની નસોમાં Varicose vein ની સારવાર
2. હાથ અને પગ ની નળી બંધ થવાથી થતી તકલીફ જેવી કે Ulcer, Blackening, DVT, Gangrene ની સારવાર.
3. હાથ અને પગની નળીનું બાયપાસ.
4. ફેફસાંમાં ભરતી હવા, પાણી, રસીની સારવાર અને ઓપરેશન.
5. ફેફસાંના બધા જ પ્રકારના ઓપરેશન.
6. ઇમરજન્સીમાં થતી ઇજાગ્રસ્ત લોહીની નસની સારવાર અને સર્જરી.



ડૉ. વૈભવ પારેખ
M.ch. Cardiothoracic & vascular surgeon
કાર્ડિયો - થોરેસિક સર્જન

વધુ માહિતી માટે સંપર્ક કરો

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
99045 93355 / 99789 66629


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)